સુવિચાર
જે વ્યક્તિએ પરિવર્તનનો પવન અને પ્રવાહ પારખ્યો અને ઝડપે-ઝડપે નવું નવું અપનાવવાનું ચાલું કર્યું તે આગળ જતા મહાન બન્યા.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૭/૦૬/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૧ વર્ષ : ૧૫ અંક : ૧૫૦

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## કંપનીનાં માલીકોનાં માર્ગ હોય તેમ મનફાવે ત્યારે અવરજવર

# બાબરામાં ''પવનચક્કી''નાં વાહનોથી સૌ તોબા...તોબા

**સમગ્ર વહીવટીતંત્રને રાજી રાખવામાં સફળ રહેતા ''પવનચક્કી''નાં સ્થાપકો કોઈ નિયમોનું પાલન કરતા નથી**

**જનતા પરેશાન થાય, માર્ગોને નુકસાન થાય, વૃક્ષોને તોડવા પડે બધુ કરીને વિકાસનાં નામે વિનાશ કર્યા કરે**

**જનપ્રતિનિધિઓ, અધિકારીઓ કયાં કારણોસર કંપની પાસે નિયમોનો આગ્રહ રાખતા નથી તે સમજાતું નથી**

**ભ્રષ્ટાચાર નામની બલ્લાનાં લીધે જનતા જનાર્દનને અનેક પરેશાની ભોગવવી પડે છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૬

બાબરામાં સવારે ૯ વાગ્યે પવનચક્કીનાં હેવી કન્ટેનર નીકળતા રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે પર વાહનોની લાંબી કતાર એક કિલોમીટર સુધી થઈ ગઈ હતી. હોર્નના અવાજો થી રોડ ગુંજી ઉઠયો હતો.

સામાન્યરીતેઆવાવાહનને ટ્રાફિક ના થાય અને રાહદારીઓને કોઈ મુશ્કેલીઓ ના પડે તે માટે રાત્રીના ૧૧ વાગ્યા પછી વ્હેલી સવારે નીકળવાનો નિયમ હોવાનું રાહદારીઓમાંથી જાણવા મળ્યુ હોવા છતાં નિયમનો ભંગ કરી આવા વાહન દિવસ દરમિયાન પસાર થયા કરે છે અને ભારે ટ્રાફિક સર્જાય છે. જેના કારણે સામાન્ય રાહદારીઓ તેમજ એમ્બ્યુલન્સ જેવી ઈમરજન્સી સેવાઓને પસાર થવામાં ભારે મુશ્કેલીઓ પડે છે.

ભારત દેશમાં તમારી પાસે અપાર સંપત્તિઓ હોય એટલે કે કોઈપણ નિયમ કે કાયદો ઉલાળીયો કરવાની જાણે કે મંજૂરી હોય તેવું અવારનવાર સૌ જોઈ રહ્યા છે. દેશનાં મુઠ્ઠીભર ધનવાનો માટે નિયમોનું પાલન ન કરવું એ શોખનો વિષય હોય તેવું જોવા મળે છે. જયારે દેશનાં ૧૦૦ કરોડથી વધુ આમ નાગરિકને નિયમોનું પાલન કરવું જ પડે નહીતો તેના પર અનેક આફત તૂટી પડતી હોય છે.

બાબરા પંથકમાં છેલ્લા એક દાયકાથી ''પવનચકકી''ની સ્થાપના થઈ રહી છે. ''પવનચકકી'' થકી ઉર્જા ઉત્પન્ન થાય જેનાથી દેશનો વિકાસ થાય તેમાં કોઈને વાંધો ન હોય શકે પરંતુ વિકાસનાં નામે વિનાશક પ્રવૃત્તિઓ થાય તો જનપ્રતિનિધિઓ અને જનસેવક ગણાતા અધિકારીઓએ કાર્યવાહી કરવી જોઈએ અને તે માટેની સત્તા દેશનાં બંધારણે આપી છે.

બાબરા પંથકમાં ઠેકઠેકાણે ''પવનચકકી'' લગાવાતી હોય અવારનવાર ''પવનચકકી''નાં મહાકાય સાધનોની હેરફેર થતી હોય ત્યારે મહાકાય વાહનો દિવસ–રાત અવરજવર કરે તો ગ્રામ્ય વિસ્તારનાં માર્ગો તૂટે, માર્ગમાં કોઈ વૃક્ષ આવે તો તેનું છેદન કરવામાં આવે, રાત્રિનાં સમયે જોખમી વાહનો ખુલ્લેઆમ ફરે છતાં તેને કોઈ રોકવાવાળું કે પુછવાવાળું નથી. ''પવનચકકી''નાં સ્થાપકોને બાબરા પંથકનો દસ્તાવેજ સરકારે કરી આપ્યો હોય તેમ તેઓ નિયમો અને કાયદાનો ખુલ્લેઆમ ઉલાળીયો કરે અને વહીવટીતંત્ર ચુપચાપ જોયા કરે છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૬/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ
જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Krishna
DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેક્ટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૫૪

ખુબ-ખુબ અભિનંદન સહ શુભકામનાઓ...
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
સાંસદશ્રી - રાજકોટ
ભાજપનાં વરિષ્ઠ આગેવાન
શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજી
રાજકોટની બેઠક પરથી
વિજેતા થતાં આપશ્રીને અભિનંદન સાથે
ઉજ્જવળ રાજકીય કારકીર્દી માટે
શુભકામનાઓ..
શુભેચ્છક
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ, મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ - અમરેલી
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ,પરિવાર - અમરેલી

Sheetal
માત્ર ₹20/-
ટેસ્ટ સાથે હેલ્થ
શીતલ
મસાલા છાશ

હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)
ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એકસ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
NETRA CHIKITSA TRUST
24/7 Emergency Services

## કાળઝાળ મોંઘવારીમાં મહિને રૂપિયા ૧૦ હજાર આપવાની મજાક બંધ કરો

# અમરેલીની મેડિકલ કોલેજનાં જુનિયર તબીબોને ન્યાય આપો

છેલ્લા ઘણા દિવસોથી જુનિયર તબીબો જયાં ત્યાં રજૂઆત કરતાં હોય આશ્વાસન સિવાય કશું મળતું નથી

બે દિવસ પહેલા કલેકટરને આવેદનપત્ર પાઠવાયા બાદ જુનિયર તબીબોએ ધરણા કર્યા

કાળઝાળ ગરમી વચ્ચે પ્રતિક ધરણા કરવામાં આવ્યા તે દર્શાવે છે કે માંગ વ્યાજબી છે

દર મહિને રૂપિયા ૧૦ હજાર સ્ટાઈપેન્ડ મળતું હોય તેટલામાં હોસ્ટેલનો ખર્ચ પણ નીકળતો નથી




અમરેલી, તા. ૬

એક તરફ ભાજપ સરકારનાં રાજમાં રાહતદરે શિક્ષણ મેળવવાનું મુશ્કેલ બન્યું છે. જેમાં તબીબ બનવા માટે વાલીઓને ૫૦ લાખથી લઈને ૧ કરોડનો ખર્ચ કરવો પડે ત્યારે તેમના સંતાન એમબીબીએસ બને અને એમબીબીએસ કરતાં વિદ્યાર્થીને નિયમ પ્રમાણે સ્ટાઈપેન્ડ ન આપવામાં આવે તે બાબત અતિ ચિંતાજનક છે.

અમરેલી ખાતે આવેલ ખાનગી મેડિકલ કોલેજનાં ૧૦૦ કરતાં વધુ જુનિયર તબીબો છેલ્લા ઘણા દિવસોથી સ્ટાઈપેન્ડ સહિતની માંગને લઈને રજૂઆત કરી રહ્યા છે. બે દિવસ પહેલા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યા બાદ આજે જુનિયર તબીબોએ કાળઝાળ ગરમી વચ્ચે પ્રતિક ધરણા કરતાં જુનિયર તબીની સમસ્યા કેટલી ગંભીર છે તે સમજી શકાય તેમ છે.

જુનિયર તબીબો કહે છે કે અમોને દર મહિને માત્ર રૂપિયા ૧૦ હજારનું સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. જયારે ૧૮૨૦૦ રકમ મળવી જોઈએ. ફાઈવ ટ્રિલીયન ઈકોનોમીની ગુલબાંગો વચ્ચે જુનિયર તબીબોને વ્યાજબી રકમ આપવામાં સરકાર કે ખાનગી મેડિકલ કોલેજ સંચાલકને શું તકલીફ પડે છે તે સમજાતું નથી.

### પોલીસ સ્ટેશનમાં અરજી આપવા બાબતે

## બાબરાનાં ખીજડીયા કોટડા ગામનાં વિદ્યાર્થીને પાંચ ઈસમોએ માર માર્યો

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૬

બાબરાતાલુકાનાખીજડીયા કોટડા ગામે રહેતા આકાશ મુકેશભાઈ સોલંકી નામનાં ૧૮ વર્ષિય વિદ્યાર્થીને અગાઉ ગત તા.૧૪/૮/૨૩ ના રોજ બાબરા તાલુકાના ફુલઝર ગામે રહેતા ઉદયભાઈ નામનાં આરોપીએ ગાળો આપીતારાથીમુછોકેમરખાય? તેમકહી ઝઘડો કરેલહોય. જે બાબતે વિદ્યાર્થીએ પોલીસસ્ટેશનમાંઅરજીઆપેલહોયતે વાતનું મનદુઃખ રાખી તા. ૪ ના રોજ સાંજના આશરે સાડા છએક વાગ્યે વિદ્યાર્થી મોટા દેવળીયા ગામેથી શાકભાજી લઈને પોતાના ઘરે જતાંહતા ત્યારે ફુલઝર ગામે પહોંચતા ઉદયભાઈ, ભગુભાઈ, ધર્મેશભાઈ, ભરતભાઈ વાળા, ગડુભાઈ (રહે. ફુલઝર, તા. બાબરા) નામના આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી વિદ્યાર્થીનું મોટર સાયકલ ઉભુ રખાવી ગાળો આપી મુંછો રાખવાની ના પાડેલ છે તેમ છતાં કેમ રાખેલ છે ? તેમ કહી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી લાકડીનો એક ઘા વિદ્યાર્થીના માથાના પાછળના ભાગે મારી તથા લોખંડના પાઈપના ઘા મારીને મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

### એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

## બાબરા : સમઢીયાળા સેવા સહકારી મંડળીનાં ઉચાપત કેસમાં મંત્રી નિર્દોષ

### પ્રિન્સીપાલ જયુડી.મેજી. શ્રી એસ.સી. વાઘેલા દ્વારા હુકમ

અમરેલી, તા. ૬

આ કામની ફરિયાદ અમરેલીજિલ્લામધ્યસ્થ સહકારી બેંકના વહીવટદારએ જે તે સમયના સમઢીયાળ ાસેવા સહકારી મંડળીના મંત્રી તથા પ્રમુખ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી અને આ ફરિયાદમાં તેઓએ સમઢીયાળા સેવા સહકારી મંડળીમાંથી સભાસદોના ખોટા લોન દસ્તાવેજો બનાવી ગેરકાયદેસર રીતે ધિરાણ માટેનું ખોટુ રેકર્ડ ઉભુ કરી લોન માટેની ખોટી ફાઈલો સભાસદોના નામે તૈયાર કરી અને તેના ખાતે લોનની રકમ ઉધારી અને લોનની રકમ પોતાના અંગત હેતુ માટે વાપરી રૂા. ૨,૫૩,૩૦૦ની રકમની ઉચાપત કરેલ હોય. જે હકકીત વહીવટદારના ધ્યાને આવતા તેમણે ઉપરોકત રકમની ઉચાપત કરવા બદલ તથા અન્ય ગેરરિતી આચારવા બદલ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૦૨, ૪૬૫, ૪૦૯, ૪૬૬, ૪૬૭, ૪૭૧ તથા ૧૧૪ મુજબની ફરિયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા બાબરા પોલીસે તપાસ કરેલી અને ત્યારબાદ આ કામે તપાસનાં અંતે આ કામના આરોપી સામે ચાર્જસીટ કરવામાં આવેલ હતુ.

આ કામે ફરિયાદમાં જણાવેલ સમઢીયાળા સેવા સહકારી મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસા તથા પ્રમુખ દેવાયતભાઈ નારણભાઈ હુંબલની સામે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૦૯, ૪૬૬, ૪૬૭, ૪૭૧ તથા ૧૧૪ મુજબની ફરિયાદ વિગતે ચાર્જશીટ કર્યા બાદ આ કામના આરોપીઓ સામે કાનુની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી. ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે બેંકના વહીવટદારને તથા અન્ય સરકારી કર્મચારીઓને તથા



પોલીસ ખાતાનાં અધિકારીઓને તપાસવામાં આવેલ હતા.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાનાં પ્રિન્સીપલ જયુડી.મેજી. એસ.સી.વાઘેલાની કોર્ટમાં ચાલી જતા ફરિયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહી કરી શકતા આ કામના મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદય ત્રિવેદી તથા આર.બી. બારૈયા રોકાયેલા હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના મંડળીના મંત્રી અરજણભાઈ નાનજીભાઈ ખણેસાને રૂા. ૨,૫૩,૩૦૦ની રકમના ઉચાપતના કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપલ જયુડી, મેજી. એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

## બીએસપીએસ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયને આઈએસઓ દ્વારા સર્ટિફિકેટ એનાયત

અમરેલી, તા. ૬

૨૦૧૩ થી ગુજરાતના બોટાદ જિલ્લામાં આવેલા સારંગપુર ગામમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિધાલય કાર્યરત છે. આ મહાવિધાલયને આઈએસઓ સંસ્થાન દ્વારા આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે. આ આઈએસઓ સંસ્થા ૭૦ વર્ષથી કાર્યરત અને વૈશ્વિક સ્તરે પ્રમાણભૂત સંસ્થા છે, જે અન્ય સંસ્થાના હેતુ તથા તેને સફળતા સુધી લઈ જતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા, સંસ્થાનું વ્યવસ્થાપન, તેમજ કાર્યરત કર્મચારીની ગુણવત્તા તથા કાર્યપદ્ધતિ જેવા વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરી જે તે સંસ્થાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રમાણભૂત કરે છે.





જેનું પ્રમાણપત્ર સંસ્થાની પ્રતિષ્ઠા બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિધાલયને અર્પણ કરવામાં આવ્યું હતું, જે મહાવિધાલયને આંતરરાષ્ટ્રીય સ્તરના વિકાસ માટે અતિ ઉપયોગી બની રહેશે.

### એસ.ટી.નાં કર્મચારીઓને મુસાફરવર્ગની કોઈ ચિંતા નથી

## બાબરાનાં એસ.ટી. ડેપોનાં પ્રવેશદ્વારે જાહેર શૌચાલયની ખુલ્લી કૂંડીથી બદબુ અને અકસ્માતની સમસ્યા

### બસ સ્ટેન્ડ નજીકનાં વેપારીઓને પણ દિ'ઉગેને બદબુનો સામનો કરવો પડે છે





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૬

બાબરામાંએસ.ટી.ડેપોના પ્રવેશ દ્વાર પર આવેલ ડેપોના જાહેર શૌચાયલની ખુલી કુંડીની દુર્ગંધથી સ્થાનિક વેપારીઓ પરેશાન. રસ્તામાં કુંડીઓ હોવાથી નાના મોટા અકસ્માત પણ સર્જાય છે અનેકવાર રજુઆત છતાં એસ.ટી. વિભાગ નક્કર કાર્યવાહી કરવામાં ઉદાસીનતા જોવા મળી રહી છે.

બાબરામાં એસ.ટી. ડેપોમાં આવેલ શૌચાયલની કુંડી એસ.ટી. ડેપોના પ્રવેશ દ્વાર આગળ ખુલ્લું કેટલા સમયથી આવેલું છે પણ ડેપોના અધિકારી દ્વારા આ ખુલી કુંડીને બંધ કરવાની કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે ડેપો બહાર આવેલ દુકાનના વેપારીઓને ભયંકર દુર્ગંધનો સામનો કરવો પડે છે તેમજ ખુલી કુંડી હોવાથી ડેપોની બહાર નીકળતા લોકો તેમજ વાહન ચાલકો કુંડીના કારણે પડી જતા નાના મોટા અકસ્માત સર્જાય રહ્યા છે. સ્થાનિક વેપારીઓ દ્વારા અહીં ડેપોના પોઈન્ટ તેમજ અમરેલી વિભાગમાં રજુઆત કરી હોવા છતાં કોઈ જવાબ નહિ આપતા હોવાનું વેપારીઓ દ્વારા જણાવ્યું હતું.

### ૭ જૂન "વિશ્વ ખાદ્ય સલામતી દિવસ"

## શુદ્ધ આહાર, સ્વસ્થ જીવનનો આધાર

વિશ્વનાં દેશોની સરકારો દરેક વ્યકિતને ખોરાક મળે અને કોઈ ભૂખ્યા ન રહે એ ઉદેશની ખાતરી કરવા અન સંયુકત રાષ્ટ્રની ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન (એફ.એ.ઓ.) ની ખાતરી કરવા માટે જૂને ''વર્લ્ડ ફૂડ સેફટી ડે''ની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વની મોટી વસ્તી કોરોના સંકટથી પ્રભાવિત છે અને આ સંકટના યુગમાં ઘણા લોકો બે વખતની રોટલી માટે સંઘર્ષ કરી રહ્યા છે. પુરા બે વર્ષો બાદ પણ લોકો પોતાનું જીવન પહેલાની જેમ સ્થિર કરવા માટે મથી રહ્યા છે ત્યારે આ વિશેષ દિવસની ઉજવણીનો હેતુ સંતુલિત અને સુરક્ષિત ખોરાકનાં ધોરણો જાળવવા અને જાગ્રૃતિ ફેલાવવાનો છે અને નબળ ા આહારનાં વપરાશને લીધે થતા રોગોથી થતાં મૃત્યુની સંખ્યાનો આંકડો ઓછો કરવાનો છે. ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરે છે કે ખાદ્ય ઉત્પાદનથી લઈને પાક, પ્રક્રિયા, સંગ્રહ, વિતરણ, વપરાશ પહેલાની તૈયારી સુધીનો દરેક તબકકો સંપૂર્ણપણે સલામત છે. આ જાગ્રૃતિ માટે, ''વિશ્વ ફૂડ સેફટી ડે''નો તર્ક અને મહત્વ વધે છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, દર વર્ષે ઘણા લોકો દૂષિત ખોરાક અથવા બેકટેરિયાવાળા ખોરાકથી બીમાર થાય છે. જે આંકડો કરોડોને પાર કરે છે. ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAL) એ રાજયો દ્વારા સ્વચ્છ પોષણયુકત આહારપુરા પાડવાના પ્રયત્નોના સંદર્ભમાં સ્ટેટ ફુડસેફટી (SFSI)નો પ્રારંભ કર્યો છે. ઘણી ચીજવસ્તુ પર દર્શાવાતો 'એફએસએસએઆઈ માર્ક' એ તે પેકેટમાં રહેલો ખોરાક સુરક્ષિત છે તેમ દર્શાવે છે. કોરોનાકાળમાં જ ઘણા યુવાનો કે આધેડ વયના વ્યકિતઓને હાર્ટ એટેકનાં આવવાનાં કિસ્સા જોવા મળ્યા હતા. તેનું એક કારણ હાઈપર ટેન્શન કે ઓવર સ્ટ્રેસ તો હોય જ પરંતુ એની સાથે સાથે ખાવાની ખોટી આદતો પણ સમાયેલી છે. એક સંશોધન અનુસાર માણસ જયારે વધુ પડતા સ્ટ્રેસ્માં હોય છે ત્યારે એનાં ટેસ્ટ બર્ડસમાં વધુને વધુ જુદા જુદા પ્રકારના એન્ડકઝાઈમ ઉત્પન્ન થતાં હોય છે જે કાયમ જંક ફૂડની માંગણી કરતા હોય છે. તેનું કારણ માણસનાં શરીરમાં પહેલેથી જ જંક ફુડથી બનેલા કોષો (સેલ્સ) હોય છે જે કાયમ જંક ફુડની માંગણી કરતા હોય છે. માસિક ધર્મનાં સમય દરમિયાન મોટા ભાગે સ્ત્રીઓની પણ આ અવસ્થા જોવા મળે છે.

બીજું કારણ માંસાહાર ખાવાની આદત હોઈ શકે કારણ કે તે એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને આલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળ તાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિકસ–પેક એબ્સ વાળું બોઠી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી,ફળ ફળાદિ માનવ શરીર માનવશરીર માટે એક સંપૂર્ણ ફુડ– પેકેજ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. ભારતમાં ગરીબી, બેરોજગારીનું પ્રમાણ વધુછે. તેથી શુદ્ધ અને પોષણયુકત આહાર પ્રાપ્ત કરવો એ દરેક વ્યકિત માટે શકય નથી એવા સમયે આવા નીચી આવક ધરાવતા લોકોને શુદ્ધ આહાર અને પાણી મળી રહે તેનું ધ્યાન સરકાર સહીત તમામ ઉચ્ચ કે મધ્યમ વર્ગના લોકોએ પણ રાખવુ જોઈએ.

– મિતલ ખેતાણી
મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

મો. ૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org

## સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને એસ.ટી.નાં વર્કશોપની મુલાકાત લીધી

# સાવરકુંડલા : આચારસંહિતા પૂર્ણ થતાં જ ધારાસભ્ય કસવાલા એકશનમાં

**અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશનનાં અધિકારીઓને સાથે રાખીને સ્થળ પર જરૂરી સુચનાઓ આપી**

**એસ.ટી. વર્કશોપનાં બાંધકામ સાઈટની મુલાકાત લઈને નિયમ પ્રમાણે કામગીરી કરવા તાકીદ કરી**

**સાવરકુંડલા-લીલીયા વિસ્તારમાં પાંચ વર્ષમાં ર૦૦ થી ૩૦૦ કરોડનાં વિકાસ કાર્યો થશે**

**જિલ્લાનાં તમામ ધારાસભ્યોમાં વિકાસ કાર્યોમાં સૌથી અગ્રેસર ધારાસભ્ય કસવાલા**



સાવરકુંડલા, તા. ૬

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ધ્વારા રૂા. ૨૫ કરોડ જેવી માતબર રકમ સાથે મંજૂર કરવામાં આવેલ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અમરેલી રોડ ઉપર આકાર પામી રહ્યું છે. જે અગાઉ કેટલાક અખબારી અહેવાલો ધ્વારા ધારાસભ્ય કસવાલાને જાણવા મળ્યા મુજબ સાવરકુંડલામાં ચાલતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી)ના કામમાં ગુણવત્તાનો મુદો ધ્યાન પર આવ્યો હતો. ત્યારે ધારાસભ્ય તરીકે ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન (જીયુડીસી)ના અધિકારીઓને સુચના આપી સ્થળ તપાસ કરવા પણ જણાવાયું હતું. આજે ચૂંટણીની આચાર સંહિત પુરી થતાં જ મહેશ કસવાલા આ કામની સાઈટ ઉપર રૂબરૂ ગયા હતા અને ઉપસ્થિત તમામ જીયુડીસીના અધિકારીઓ અને ટેકનીકલ સ્ટાફ સાથે સારી ગુણવત્તાનું કામ થાય તે મુદે ચર્ચા કરી હતી અને કડક સુચનાઓ આપી હતી.

સાથો સાથ સાવરકુંડલા એસ.ટી. બસ સ્ટેશન ઉપર ચાલતા વર્કશોપનાં બાંધકામની સાઈટની મુલાકાત પણ લીધી હતી, સાઈટ ઉપર હાજર કોઈ ટેકનીકલ માણસ ન હોવાની અને બાંધકામની ગુણવત્તા માટે કોન્ટ્રાકટર અને એસ.ટી. નિગમના બાંધકામ શાખાના અધિકારી સાથે ટેલીફોનીક વાત કરી સ્થળ ઉપર હાજર રહેવા બાંધકામને યોગ્ય પાણીનો છંટકાવ કરવા બાંધકામ ફીનીશીંગ અને ગુણવત્તા યુકત રો મટીરીયલ વાપરવા કડક સુચના આપી હતી તેમ ''અટલધારા'' કાર્યાલય ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવાયું હતું.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

## રાજકોટનાં કિશોરભાઈ વાછાણી, અસ્મિતાબેન વાછાણી અને જુનાગઢનાં દીપકકુમાર ધુલીયા સામે ફરિયાદ

# અમરેલીનાં સહજ સિટીનાં પ્રતાપભાઈ નસીત સાથે રૂપિયા ૪૫ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત થયો

**૨૬ વિઘા જમીનનો દસ્તાવેજ પણ આરોપીઓએ ન કરી આપ્યાનો પણ ઉલ્લેખ**

અમરેલી, તા. ૬

અમરેલી, લાઠીરોડ, સહજ સીટી, બ્લોક નં. ૯૬માં રહેતા પ્રતાપભાઈ કરશનભાઈ નસીત નામનાં ૪૩ વર્ષિય બિલ્ડરે રાજકોટ ખાતે આવેલ જલારામ નં. ૧, વાછાણી વિલો, ઈન્દિરા સર્કલ પાસે રહેતા કિશોરભાઈ ભાણજીભાઈ વાછાણી, અસ્મીતાબેન કિશોરભાઈ વાછાણી તથા જુનાગઢના ઝાંઝરડા રોડ, પટેલનગર, ૬૦૪, ગોલ્ડન પેલેસમાં રહેતા દિપકકુમાર અનંતરાય ધુલીયા નામનાં આરોપીઓ પાસેથી તેના પિતા કરશનભાઈ ખીમાભાઈ નસીતના નામે ધારી તાલુકાના વાઘવડી ગામે આવેલ જુદા જુદા સર્વેનંબરવાળી કુલ-૧૦૫ વીઘા જમીન ખરીદેલ હતી અને તેના બદલામાં આ બિલ્ડરના પિતાએ તેની માલીકીના અમરેલી સહજ સીટીના જુદા-જુદા પ્લોટનું તેમને વેચાણ કરેલ હતું. જે અંગેની આપવાની તથા લેવાની થતી રકમ એકબીજાને આપી દિધેલ હતી. પરંતુ બિલ્ડરે ખરીદ કરેલ ૧૦૫ વિઘા જમીન આરોપીઓના નામે રહેવા દઈ રૂપિયા ૧૦૦ના અલગ અલગ-૩ સ્ટેમ્પ પેપર ઉપર કબ્જા સહિતનો વેચાણ કરાર કરેલ હતો. જેમાં ભવિષ્યમાં બિલ્ડરના પિતા કહે તેને અગર તો બિલ્ડરના પિતાના નામે ૧૦૫ વિઘા જમીનનાં દસ્તાવેજો કરી આપવા માટે આરોપીઓ બંધાયેલ હતા અને બિલ્ડરના પિતાએ ખરીદેલ ૧૦૫ વિઘા જમીન પૈકી ૭૯ વિઘા જમીનના બિલ્ડરના પિતાએ કહ્યા મુજબ રૂપિયા ૯૫ લાખમાં વેચી દઈ દસ્તાવેજો કરી આપેલ હતો. જે જમીનની અવેજના રૂપિયા ૫૦ લાખ બિલ્ડરના પિતાને ચુકવી દિધેલ હતા અને બાકીની રૂપિયા ૪૫ લાખ ની રકમ આરોપીઓએ આ બિલ્ડરના પિતાને ચુકવી આપવા માટે કાયદેસર રીતે બંધાયેલ હોવા છતાં આજદિન સુધી ચુકવેલ નહી તેમજ બાકીની ૨૬ વિઘા જમીનનો દસ્તાવેજ પણ નહી કરી આપી તમામ આરોપીઓએ ગુન્હાહિત કાવતરૂ રચી, બિલ્ડરના પિતા સાથે છેતરપિંડી અને વિસઘાત કરવાના સમાન ઈરાદે ગુન્હો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
કેશ ડિસ્કાઉન્ટ ₹5000/-
ઓછુ ડાઉનપેમેન્ટ ₹5999/-
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ | મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૪૨૨૨ ૩૨૩૨૨

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ
(ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આઈસ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601

YAMAHA RACING
ચામાહાનું અત્યાધુનિક સ્કૂટર અને બાઈક
FZS-FI
lord of the streets
Side Stand Engine cut-off Switch | Light Weight | 3D Emblem | Durable 149cc fuel injection Engine | Two-level Single Piece Seat
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
ધોરણ-12 કોમર્સ (વર્ષ-2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP:-07 વિદ્યાર્થી
90PRUP:-10 વિદ્યાર્થી
75PRUP:-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિઝીટ લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૬ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

### મોદી-શાહ પર ગેરમાર્ગે દોરવાના આક્ષેપ સાથે રાહુલની તપાસની માંગ

# સરકારે શેરમાર્કેટ અંગે લોકોમાં ભ્રમ ફેલાવ્યો : રાહુલ ગાંધી

### કોંગ્રેસના રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલ અને પરિણામોના દિવસે શેરબજારમાં મોટી ઉથલપાથલ મામલે તપાસની માંગ કરી

નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીના એક્ઝિટ પોલ અને પરિણામોના દિવસે શેરબજારમાં મોટી ઉથલપાથલ મામલે તપાસની માંગ કરી છે. આજે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ શેરબજારમાં મોટુ કૌભાંડ થયુ હોવાની આશંકા દર્શાવતાં તપાસની માગ કરી છે.

રાહુલ ગાંધીએ જણાવ્યું છે કે, લોકસભા ચૂંટણી દરમિયાન અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને શેરમાર્કેટમાં રોકાણ કરવા કેમ કહ્યું હતું. એક્ઝિટ પોલના પગલે ૩ જૂને શેરબજારમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો, બાદમાં ૪ જૂને મોટો કડાકો નોંધાતાં લોકોના ૩૦ લાખ કરોડથી વધુ ધોવાઈ ગયા હતા. આ મામલે રાહુલ ગાંધીએ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી દ્વારા તપાસ હાથ ધરવા માંગ કરી છે.

વધુમાં રાહુલ ગાંધીએ એક્ઝિટ પોલ એજન્સીઓની એનડીએ સરકાર સાથે મિલીભગત હોવાનો દાવો પણ કર્યો હતો. ભાજપ અને એક્ઝિટ પોલ એજન્સી વચ્ચે કનેક્શન હોવાનો આક્ષેપ મૂક્યો હતો.

રાહુલ ગાંધીએ આરોપ મૂક્યો છે કે, સરકારે શેરમાર્કેટ અંગે લોકોમાં ભ્રમ ફેલાવ્યો છે. ભાજપના બે દિગ્ગજો અમિત શાહ અને નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણી દરમિયાન લોકોને શેરબજારમાં રોકાણ કરવા સલાહ આપી હતી. જેમાં મોદીએ કહ્યું હતું કે, સૌ કોઈ શેરબજારમાં રોકાણ કરી લે, ૪ જૂન બાદ શેરબજાર તેજીથી દોડશે, જેને ઓપરેટર્સ પણ હેન્ડલ કરી શકશે નહીં.

૩ જૂને શેરબજારમાં આકર્ષક ઉછાળો નોંધાવી ૪ જૂને કડડભૂસ થયુ હતું. જેમાં રોકાણકારોએ ૩૧ લાખ કરોડથી વધુ મૂડી ગુમાવી હતી. શેરબજારના કડાકામાં સૌથી વધુ નુકસાન રિટેલ રોકાણકારોને થયુ છે. જેની તપાસ થવી જરૂરી છે. જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી આ મામલે તપાસ કરી લોકો સમક્ષ તથ્ય રજૂ કરે તેવી માંગ કરી છે.

ઉલ્લેખનીય છે, એક્ઝિટ પોલમાં એનડીએ સરકારને ૩૫૦થી ૪૦૦ બેઠકો મળવાનો અનુમાન જાહેર થતાં સોમવારે બજારમાં મોટો ઉછાળો આવ્યો હતો. સેન્સેક્સ ૨૫૦૭ પોઈન્ટ ઉછળ્યો હતો. સાથે રોકાણકારોની મૂડી પણ રૂ. ૧૩.૭૩ લાખ કરોડ વધી હતી.

જો કે, બીજા દિવસે ૪ જૂને લોકસભા ચૂંટણી પરિણામોમાં એક્ઝિટ પોલ ખોટો ઠરતાં તેમજ એનડીએને ૩૦૦ બેઠકો આવવાનું પણ મુશ્કેલ થતાં શેરબજારમાં ઈન્ટ્રા ડે ૬૩૦૦ પોઈન્ટ તૂટ્યો હતો. રોકાણકારોના ૩૧ લાખ કરોડ ધોવાયા હતાં.

### સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે

# કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું

### પાર્ટીના ઉમેદવાર સુરેશ ગોપી રાજ્યની ત્રિશૂર લોકસભા સીટ પરથી ૭૫ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે

થ્રિસુર, તા.૬

કેરળમાં સૌપ્રથમ વખત ભાજપે લોકસભા માટે ખાતું ખોલાવ્યું છે. કેરળથી ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે જ્યાં પાર્ટીએ થ્રિસુર લોકસભા બેઠક જીતી લીધી છે. લોકસભા ચૂંટણીમાં કેરળમાં ભાજપનું ખાતું પહેલીવાર ખૂલ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪નાં પરિણામો જાહેર થઈ ગયા છે. ભાજપને બહુમતી કરતાં ઓછી બેઠકો મળી છે પરંતુ તેની આગેવાની હેઠળના NDA ગઠબંધન પાસે પૂર્ણ બહુમતી છે. ભાજપ માટે આ ચૂંટણી પરિણામમાં કેરળમાંથી પણ સારા સમાચાર સામે આવ્યા છે. કેરળમાં પહેલીવાર ભાજપે લોકસભા સીટ જીતી છે. પાર્ટીના ઉમેદવાર સુરેશ ગોપી રાજ્યની ત્રિશૂર લોકસભા સીટ પરથી ૭૫ હજાર કરતાં વધુ મતથી જીત્યા છે. કેરળમાં લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને જીત અપાવનાર સુરેશ ગોપી એક મલયાલમ ફિલ્મ અભિનેતા છે જેઓ રાજકારણ તરફ વળ્યા છે. મણિચિત્રથાઝુ, અ નોર્થન સ્ટોરી ઑફ વેલોર અને ઓરુ સીબીઆઈ ડાયરી કુરિપ્પુ સહિત ૨૫૦ થી વધુ લોકપ્રિય ફિલ્મોમાં તેમણે કામ કર્યું છે. ગોપીને ૧૯૯૮માં તેમની ફિલ્મ કાલિયાટ્ટમ માટે નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો હતો. સુરેશ ગોપીનો જન્મ કેરળના અલપ્પુઝા જિલ્લામાં થયો હતો. ફિલ્મોમાં અભિનય માટે પ્રખ્યાત બનેલા ગોપીને રાષ્ટ્રપતિ દ્વારા ૨૯ એપ્રિલ ૨૦૧૬ના રોજ રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવ્યા હતા. આ પછી સુરેશ ગોપી ઓક્ટોબર ૨૦૧૬માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ૨૦૧૯માં સુરેશ ગોપી થ્રિસુરથી લોકસભા ચૂંટણી હારી ગયા હતા. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં પણ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. જોકે આ વખતે ગોપી ચૂંટણી જીતી ગયા છે. સુરેશ ગોપીએ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI)ના ઉમેદવાર સુનિલ કુમારને રસપ્રદ હરીફાઈમાં હરાવ્યા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ મુરલીધરન આ બેઠક પરથી ત્રીજા સ્થાને રહ્યા. સુરેશ ગોપીએ તેમના ચૂંટણી એફિડેવિટમાં ૧૨ કરોડ રૂપિયાથી વધુની જંગમ અને સ્થાવર સંપત્તિ જાહેર કરી છે. ગોપીએ ૨ એપ્રિલે સબમિટ કરેલા સોગંદનામામાં નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૪,૩૯,૬૮,૯૬૦ રૂપિયાની આવક જાહેર કરી છે. આઠ વાહનો અને ૧૦૨૫ ગ્રામ સોનું સહિત તેમની જંગમ સંપત્તિ રૂ. ૪ કરોડથી થોડી વધુ છે. એફિડેવિટ મુજબ, અભિનેતાની સ્થાવર સંપત્તિ હાલમાં કુલ રૂ. ૮,૫૯,૩૭,૯૪૩ છે, જેમાં ખેતીની જમીનના બે પ્લોટ, બિન-ખેતી જમીનના સાત પ્લોટ અને સાત રહેણાંક મકાનોનો સમાવેશ થાય છે.

### શપથ ગ્રહણ સમારંભ સાંજે ૭.૧૫ કલાકે આયોજીત થશે

# નરેન્દ્ર મોદીની આગેવાનીમાં નવી સરકાર ૯ જૂને શપથ લેશે

### આને લઈને રુપરેખા તૈયાર કરી લીધી છે : આ અગાઉ ૭ જૂને એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે

નવી દિલ્હી, તા.૬

ભાજપની આગેવાનીવાળી એનડીએ સતત ત્રીજી વાર સ્પષ્ટ બહુમત પ્રાપ્ત કરી લીધો છે. એકલા ભાજપને ૨૪૦ સીટો મળી હતી, જ્યારે એનડીએના ખાતામાં ૨૯૨ સીટો આવી છે. લોકસભા ચૂંટણી પરિણામની જાહેરાત બાદથી સૌની નજર સરકાર ગઠન પર ટકેલી છે. હવે શપથગ્રહણનું આખું શિડ્યૂલ સામે આવી ગયું છે. નરેન્દ્ર મોદીની આગેવાનીમાં નવી સરકાર ૯ જૂને શપથ લેશે.

સૂત્રો દ્વારા વિગતો મળે છે કે મોદી ૩.૦ના શપથ ગ્રહણ કાર્યક્રમનું શિડ્યૂલ સામે આવી ગયું છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએની નવી સરકાર ૯ જૂને ૭.૧૫ મિનિટ પર શપથ લેશે. સૂત્ર જણાવે છે કે, તેની રુપરેખા તૈયાર કરી લીધી છે. આ અગાઉ ૭ જૂને એનડીએના ઘટક દળના સાંસદોની બેઠક થશે. આપને જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ સામે આવ્યા બાદ ૫ જૂને મોડી સાંજે એનડીએની બેઠક થઈ હતી. તેમાં પીએમ મોદી, અમિત શાહ, જેપી નડ્ડા, રાજનાથ સિંહ, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપી સુપ્રીમો ચંદ્રબાબૂ નાયડૂ, ચિરાગ પાસવાન સહિત અન્ય નેતાઓ સામેલ થયા હતા. તમામે નરેન્દ્ર મોદીને સર્વસમ્મતિથી પોતાના નેતા ચૂંટી લીધા હતા. ૪ જૂન ૨૦૨૪ના લોકસભા ચૂંટણીના પરિણામ સામે આવ્યા બાદ કેન્દ્રમાં કોની સરકાર બનશે એ પણ નક્કી થઈ ગયું છે. જનતાએ એનડીએને સ્પષ્ટ બહુમત આપ્યો છે. ભાજપની આગેવાનીવાળી એનડીએ સતત ત્રીજી વાર સરકાર બનાવા જઈ રહી છે. હવે શપથ ગ્રહણ સમારંભનો દિવસ અને સમય પણ નક્કી થઈ ગયો છે. આપને જણાવી દઈએ કે, ચૂંટણી પરિણામ સામે આવ્યા બાદ ૫ જૂને એનડીએના ઘટક દળોની બેઠક થઈ હતી. જેમાં નરેન્દ્ર મોદીને પોતાના નેતા સર્વસંમ્મતિથી ચૂંટવામાં આવ્યા છે. ભાજપના ચૂંટાયેલા સાંસદોનો દિલ્હી ન છોડવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમજ ભાજપ સાથે રાજ્યોમાં તમામ મુખ્યમંત્રીને સમારોહમાં હાજર રહેવા જણાવાયું છે. જેને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ શપથવિધિ હાજર રહેશે.

### અબ કી બાર ગઠબંધન સરકાર

# ચાર મહત્વના મંત્રાલય તો પોતાની પાસે રાખશે ભાજપ!

### પીએમ મોદીના નેતૃત્વમાં એનડીએ શુક્રવારે રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળીને સરકાર બનાવવા માટે ઔપચારિક દાવો રજૂ કરશે

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂરી થઈ અને ૪ જૂનના રોજ તેના પરિણામ પણ આવી ગયા. આ વખતના પરિણામો ભાજપ માટે આશ્ચર્યનજક રહ્યા કારણ કે ૨૦૧૪ અને ૨૦૧૯માં પોતાના દમ પર સત્તા બનાવનાર ભાજપને આ વખતે ૨૪૦ સીટ જ મળી અને સાથી પક્ષોના સહારે સરકાર બનાવવાનો વારો આવ્યો છે. એટલે કે બહુમત એનડીએને મળ્યું છે, ભાજપને નહીં. ભાજપ બહુમતથી ૩૨ સીટ દૂર રહી ગયું. જો કે એનડીએ ૨૯૨ સીટ મેળવીને સરકાર બનાવવાની સ્થિતિમાં આવી ગયું છે. પીએમ મોદીના નેતૃત્વમાં એનડીએ શુક્રવારે ૭ જૂનના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળીને સરકાર બનાવવા માટે ઔપચારિક દાવો રજૂ કરશે. તે પહેલા ભાજપ સંસદીય દળ અને એનડીએના તમામ સાંસદોની એક બેઠક થશે. હવે આ સરકારમાં જોવાનું એ રહેશે કે કોણ શું મેળવશે. એનડીએના બે પ્રમુખ ઘટક પક્ષો નીતિશકુમારની જેડીયુ અને એન ચંદ્રાબાબુ નાયડુની ટીડીપીએ સમર્થન બદલ કેટલીક શરતો મૂકી હોવાનું સામે આવ્યું છે. નીતિશકુમારની પાર્ટીએ રેલવે મંત્રાલય, નાણા મંત્રાલય, કૃષિ મંત્રાલય માંગ્યા હોવાની વાત સામે આવી છે. જ્યારે ટીડીપી લોકસભા સ્પીકર સાથે ૨ કેબિનેટ મંત્રાલયની માંગણી કરે છે. આ ઉપરાંત અન્ય માંગણીઓ સામેલ છે. નરેન્દ્ર મોદીએ રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપના ચીફ જેપી નડ્ડાને એનડીએના સહયોગીઓ સાથે વાત કરીને સરકાર બનાવવા માટે અંતિમ સ્વરૂપ આપવાની જવાબદારી સોંપેલી છે. રિપોર્ટ્સ મુજબ પીએમ નરેન્દ્ર મોદીની શપથવિધિ પહેલા ૮ તારીખે થાય તેવી સંભાવના વ્યક્ત કરાઈ હતી પરંતુ હવે શપથ વિધિ ૯ જૂને થઈ શકે છે. શપથગ્રહણ માટે પાડોશી દેશોને પણ આમંત્રણ અપાયું છે. નેપાળ અને બાંગ્લાદેશના પીએમે આવવાની પુષ્ટિ કરી છે. મોદી સરકાર ૩.૦ની રૂપરેખા કઈક એવી હશે. જેને લઈને હવે વાતો આવવા લાગી છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી મુજબ ભાજપ સુરક્ષા પર કેબિનેટ સમિતિ (CCS) સંલગ્ન મંત્રાલય પોતાની પાસે રાખશે. CCS માં પ્રધાનમંત્રી ઉપરાંત રક્ષામંત્રી, ગૃહમંત્રી, વિદેશમંત્રી અને નાણામંત્રી સામેલ હોય છે. બીજી બાજુ એલજેપી (રામવિલાસ)ના પ્રમુખ ચિરાગ પાસવાને પોતાની પાર્ટીના એનડીએ સરકારમાં ૨-૩ મંત્રીપદ માંગવાની ચર્ચાઓને ફગાવી છે. પાસવાને કહ્યું કે હું આ વાતોને ફગાવું છું. આવી કોઈ માંગણી મે કરી નથી. કોઈ માંગણી હોઈ પણ ન શકે કારણ કે અમારો લક્ષ્ય પીએમ મોદીને ફરીથી પ્રધાનમંત્રી બનાવવાનો હતો. તમામ સહયોગીઓએ ઈમાનદારીથી એ દિશામાં કામ કર્યું. આ વિશેષાધિકાર (કેબિનેટ બર્થ આપવો) એ પ્રધાનમંત્રી પાસે છે. તો કોઈ સહયોગી પક્ષની કોઈ ડિમાન્ડ નથી. તેમણે એમ પણ કહ્યું કે નરેન્દ્ર મોદી ત્રીજીવાર દેશના પ્રધાનમંત્રી બનવા જઈ રહ્યા છે. કાલે એનડીએના નેતાઓની બેઠક હતી. પીએમ મોદીના કારણે જ એનડીએને પ્રચંડ બહુમત મળ્યો છે. એનડીએના ઘટક પક્ષોએ પીએમ મોદીના નેતૃત્વને સ્વીકાર્યું છે.

### સરકાર બને તે પહેલાં ભાજપની મુશ્કેલી વધી

# ચંદ્રબાબુ નાયડુની પાર્ટી TDP એ ૬ મોટા મંત્રાલયો માંગ્યા

### બંને પક્ષો તરફથી મુખ્ય મંત્રાલયોની માંગ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામોમાં, TDP અને JDU બંને પક્ષો કિંગમેકર તરીકે ઉભરી આવ્યા છે. આવી સ્થિતિમાં તેમના તરફથી મુખ્ય મંત્રાલયો પર દાવા કરવામાં આવી રહ્યા છે. લોકસભા ચૂંટણીના પરિણામો પછી, NDAમાં ચંદ્રબાબુ નાયડુની TDP અને નીતીશ કુમારની JDUનું મહત્વ ઘણું વધી ગયું છે. આ જ કારણ છે કે હવે બંને પક્ષો તરફથી મુખ્ય મંત્રાલયોની માંગણી કરવામાં આવી રહી છે. ટીડીપીના સૂત્રોએ જણાવ્યું છે કે પાર્ટીએ એનડીએ સમક્ષ છ મોટા મંત્રાલયોની માંગણી કરી છે. ટીડીપી પણ લોકસભા અધ્યક્ષ પદ ઈચ્છે છે. પાર્ટીના સૂત્રોએ કહ્યું છે કે દરેક બાબત પર ટીડીપીનું વલણ લવચીક છે. TDPના વડા ચંદ્રબાબુ નાયડુ બુધવારે (૫ જૂન) દિલ્હીમાં NDAની બેઠકમાં સામેલ થયા હતા. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાજુમાં બેઠેલા તેમની તસવીરો પણ સામે આવી હતી. નીતિશ કુમાર પણ નાયડુની બાજુમાં બેઠા હતા. ટીડીપી હાલમાં એનડીએમાં બીજી સૌથી મોટી પાર્ટી છે. તેણે ૧૬ બેઠકો જીતી છે. આ પછી ત્રીજા નંબરે JDU આવે છે, જેના ૧૨ સાંસદો છે. એનડીએની સૌથી મોટી પાર્ટી ભાજપ છે, જેણે ૨૪૦ સીટો જીતી છે.મળતા અહેવાલ મુજબ, પાર્ટીના ટોચના સૂત્રોએ જણાવ્યું કે નાયડુએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ મોદી ૩.૦ સરકારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે. એવું કહેવામાં આવ્યું છે કે તેમણે ભાજપ નેતૃત્વને તેમની માંગણીઓની યાદી આપી છે. જેમાં લોકસભા અધ્યક્ષનું પદ અને ઓછામાં ઓછા પાંચ વિભાગોનો સમાવેશ થાય છે, જેની તેમણે માંગણી કરી છે. ટીડીપીએ નાણા મંત્રાલય, જલ શક્તિ મંત્રાલય જેવા વિભાગોને પણ પોતાના ભાગ તરીકે લેવાની માંગ કરી છે.વાસ્તવમાં, ટીડીપી સ્પીકરનું પદ ઈચ્છે છે કારણ કે તે લોકસભામાં સૌથી શક્તિશાળી પદ ધરાવે છે. એટલું જ નહીં પરંતુ ત્રિશંકુ સંસદની સ્થિતિમાં સ્પીકર મહત્વની ભૂમિકા ભજવશે. પાર્ટીના દિવંગત નેતા જીએમસી બાલયોગીએ ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી અટલ બિહારી વાજપેયી સરકારમાં સ્પીકર તરીકે પણ સેવા આપી હતી.ટીડીપીના એક સાંસદે કહ્યું કે પાર્ટી ગ્રામીણ વિકાસ, આવાસ અને શહેરી બાબતો, બંદરો અને શિપિંગ, રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે અને જલ શક્તિ મંત્રાલયો ઈચ્છે છે. તેઓ નાણા મંત્રાલયમાં જુનિયર પ્રધાન રાખવા પણ ઉત્સુક છે, કારણ કે આંધ્રપ્રદેશને અત્યારે ભંડોળની સખત જરૂર છે. આંધ્રપ્રદેશમાં પણ ટીડીપીને બહુમતી મળી છે. સૂત્રોના જણાવ્યા મુજબ નીતિશ કુમારની જેડીયુએ પણ એનડીએ સમક્ષ ત્રણ મંત્રાલયોની માંગણી કરી છે. આ ઉપરાંત બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી છે. જેડીયુએ ચાર સાંસદો માટે એક મંત્રાલયની ફોર્મ્યુલા સરકાર સમક્ષ મૂકી છે. જેડીયુ પાસે ૧૨ સાંસદ છે, તેથી તેને ૩ મંત્રાલય જોઈએ છે. નીતીશ કુમાર ઈચ્છે છે કે રેલવે, કૃષિ અને નાણા મંત્રાલય તેમના ખાતામાં આવે. રેલવે મંત્રાલયને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

### દિલ્હી સરકારની અરજી પર સુનાવણી

# હિમાચલ પ્રદેશને પાણી છોડવાનો આદેશ અપાયો

### હરિયાણાએ હિમાચલ દ્વારા છોડાયેલા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવામાં સહયોગ આપવો જોઈએ: SC

નવી દિલ્હી, તા.૬

જળ સંકટનો સામનો કરી રહેલી દિલ્હી માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારની અરજી પર સુનાવણી કરતા હિમાચલ પ્રદેશને પાણી છોડવાનો આદેશ આપ્યો છે. હકીકતમાં, સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં વધી રહેલા જળ સંકટને લઈને દિલ્હી સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી.

આ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશને આવતીકાલે શુક્રવારે ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, ''દિલ્હીમાં કોઈપણ રીતે પાણીનો બગાડ ન થાય તેની કાળજી રાખવામાં આવે. હરિયાણાએ હિમાચલ પ્રદેશ દ્વારા છોડવામાં આવેલા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવામાં સહયોગ આપવો જોઈએ.''

જસ્ટિસ વિશ્વનાથન અને જસ્ટિસ પ્રશાંત મિશ્રાની ખંડપીઠે આ કેસની સુનાવણી કરતા કહ્યું કે, આ પાણી લાવવા માટે એક રસ્તા કાઢવાના અધિકારનો મામલો છે. આવા ગંભીર મુદ્દા પર આપણે ધ્યાન આપવું પડશે. હિમાચલ પ્રદેશ ૧૫૦ ક્યુસેક પાણી આપી રહ્યું છે, તો તમે (હરિયાણા) તેને પસાર થવા દો. જરૂર પડશે તો અમે મુખ્ય સચિવ સાથે વાત કરીશું. દિલ્હી સરકાર વતી સિંઘવીએ કહ્યું કે, એક બેઠક યોજાઈ હતી કે હિમાચલ પાણી આપવા માટે તૈયાર છે પરંતુ હરિયાણાએ કોઈ જવાબ આપ્યો નથી.આ કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ''યમુના રિવર ફ્રન્ટ બોર્ડના તમામ સભ્યો એ વાત પર સહમત હતા કે બંને રાજ્યો આકરી ગરમીનો સામનો કરી રહ્યા છે અને બંનેને પાણીની જરૂર છે. ૫ જૂને યોજાયેલી બેઠકમાં હિમાચલ પ્રદેશનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હિમાચલ પ્રદેશે કહ્યું હતું કે, ત્યાં વધારે પાણી છે. તે આ પાણી દિલ્હી સાથે વહેંચવા માંગે છે. તેથી અમે (SC) હિમાચલને ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપીએ છીએ.'' કોર્ટે કહ્યું કે, યમુના રિવર ફ્રન્ટ બોર્ડ ધ્યાન રાખશે કે કેટલું પાણી આવ્યું છે. સુપ્રીમ કોર્ટ સોમવારે સુનાવણી કરશે.''

સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશને યમુનામાં ૧૩૭ ક્યુસેક પાણી છોડવાનો આદેશ આપ્યો છે. હથિની કુંડ બેરેજ દ્વારા દિલ્હીને વધારાનું પાણી મળશે.

કોર્ટના આદેશ મુજબ, હિમાચલ આવતીકાલથી ૧૩૭ ક્યુસેક પાણી છોડશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હરિયાણાએ આ કામમાં સહયોગ કરવો જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું છે કે, તમામ પક્ષકારો સોમવારે પોતાનો રિપોર્ટ દાખલ કરે.

### રાયબરેલીમાં હાર્યા બાદ દિનેશ પ્રતાપે જાહેરાત કરી

# એક વર્ષ સુધી જનતા માટે કામ નહીં કરૂ : દિનેશ પ્રતાપ

### જનતાએ રાહુલને કામ માટે મળવું જોઈએ : દિનેશ પ્રતાપસિંહ

ઉત્તર પ્રદેશ, તા.૬

રાહુલ ગાંધીની સામે કારમી હાર બાદ યોગી સરકારમાં મંત્રી અને ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ રાયબરેલીના લોકોમાં ભારે નારાજ છે. દિનેશ પ્રતાપ સિંહે રાયબરેલી લોકસભા બેઠક પરથી હાર્યાના બીજા દિવસે જાહેરાત કરી હતી કે તેઓ એક વર્ષ માટે રજા પર રહેશે. રાયબરેલીના લોકોના મામલાથી દૂર રહેશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન જનતાએ તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવવા જોઈએ. હવે તે પોતાના પરિવારને સમય આપશે. રાયબરેલીમાં દિનેશ પ્રતાપ સિંહને રાહુલ ગાંધીએ ત્રણ લાખથી વધુ મતોથી હરાવ્યા છે. ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે રાહુલ ગાંધીની જીતને કઠગરામાં મૂકી. કહ્યું કે રાહુલ ગાંધી પોતાના બળ પર ચૂંટણી જીત્યા નથી. સમાજવાદી પાર્ટીએ તેમને ચૂંટણી જીતાડ્યા છે. આ જીતનો શ્રેય રાહુલ કે પ્રિયંકા અને તેમની માતા સોનિયા ગાંધીને જતો નથી. જો સપા તેમની સાથે ન હોત તો તેઓ ક્યારેય રાયબરેલીથી ચૂંટણી જીતી શક્યા ન હોત. જીત અને હાર એ ચૂંટણીનો એક ભાગ છે. તેમણે કહ્યું કે હવે બહુ રાજકારણ થઈ ગયું છે. હવે હું એક વર્ષ સુધી રાજકારણ નહીં કરું અને મારો સમય મારા પરિવારને આપીશ. એક વર્ષ સુધી જનતાથી દૂર રહેશે.

જનતા તેમના કામ રાહુલ ગાંધી દ્વારા કરાવશે. જિલ્લાની જનતાના સુખ-દુઃખમાં હંમેશા સાથ આપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. હવે તેની જવાબદારી રાહુલ ગાંધીની છે. હવે રાહુલ ગાંધીએ દર શનિવાર-રવિવારે અહીં બેસીને લોકોની સમસ્યાઓનું નિરાકરણ કરાવવું જોઈએ. તેમણે કહ્યું કે દેશમાં નરેન્દ્ર મોદીની જ સરકાર બનશે. દિનેશ પ્રતાપ સિંહ લગભગ એક દાયકાથી રાયબરેલીના રાજકારણના કેન્દ્રમાં છે. દિનેશ પ્રતાપ સિંહ છેલ્લી ચૂંટણીમાં ભાજપ વતી સોનિયા ગાંધી સામે લડ્યા હતા. આ ચૂંટણી પહેલા ૨૦૧૮માં ભાજપમાં જોડાયા. આ પહેલા દિનેશ પ્રતાપ સિંહ કોંગ્રેસમાં જ હતા. ૨૦૧૦ અને ૨૦૧૬માં કોંગ્રેસમાંથી વિધાન પરિષદના સભ્ય બન્યા. દિનેશ પ્રતાપ સિંહે સોનિયા ગાંધી સામે પૂરી તાકાતથી ચૂંટણી લડી હતી. ૨૦૨૨માં તેઓ ભાજપમાંથી ત્રીજી વખત એમએલસી બન્યા અને તેમને યોગી સરકારમાં મંત્રી બનાવ્યા.

### ભાજપના ત્રણ કાર્યકરો ઘાયલ થયા

# પશ્ચિમ બંગાળમાં ભાજપ કાર્યાલય પર પથ્થરમારો

### પશ્ચિમ બંગાળમાં દુર્ગાપુર અને વર્ધમાનમાં તૃણમૂલ અને ભાજપ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણની ઘટના સામે આવી

કોલકાતા, તા.૬

પશ્ચિમ બંગાળમાં લોકસભા ચૂંટણી પરિણામ બાદ કેટલીક જગ્યાએ હિંસાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે દુર્ગાપુર અને વર્ધમાનમાં તૃણમૂલ અને ભાજપ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણની ઘટના સામે આવી છે. અહેવાલો અનુસાર, ભાજપનો આરોપ છે કે વર્ધમાનમાં ભાજપ જિલ્લા કાર્યાલય પર મોટી સંખ્યામાં તૃણમૂલના કાર્યકર્તાઓએ લાકડીઓ અને પથ્થરોથી હુમલો કર્યો હતો.અહેવાલો અનુસાર, ભાજપ કાર્યાલય પર પથ્થરમારો કરવાની સાથે બહાર પાર્ક કરેલા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. આ ઘટનામાં ભાજપના ત્રણ કાર્યકર્તાઓ ઘાયલ થયા હોવાનું પણ કહેવાય છે. આ ઘટના બાદ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે અને પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહી છે. ઘટનાને લઈને વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો છે.

આજે (છઠ્ઠી જૂન) સવારે દુર્ગાપુરમાં ભાજપના ધારાસભ્યની પાર્ટી ઓફિસમાં તોડફોડના સમાચારો સામે આવ્યા હતા. દુર્ગાપુર ઈસ્પાત નગરમાં આર્ટિલરી રોડ પર ધારાસભ્યની ઓફિસમાં તોડફોડ અને લૂંટફાટ કરવામાં આવી હતી. દુર્ગાપુર પશ્ચિમના ધારાસભ્ય લક્ષ્મણ ઘરુઈએ આરોપ લગાવ્યો કે, 'ચૂંટણી જીત્યા બાદ તૃણમૂલ સમર્થિત લોકોએ મારા કાર્યકર્તાઓને ત્રાસ આપી રહ્યા છે. મારી ઓફિસમાં તોડફોડ કરવામાં આવી હતી અને અનેક મૂલ્યવાન દસ્તાવેજો લૂંટી લેવામાં આવ્યા હતા.' ભાજપ દ્વારા લગાવવામાં આવેલા આરોપને તૃણમૂલ પક્ષ દ્વારા ફગાવી દેવામાં આવ્યા છે. પૂર્વ જિલ્લા અધ્યક્ષ ઉત્તમ મુખોપાધ્યાયે જણાવ્યું હતું કે, 'ભાજપમાં ઉપરથી નીચે સુધીના તમામ નેતાઓ જૂથવાદનો શિકાર છે. ભાજપ દ્વારા લાવવામાં આવેલા બહારના લોકો દ્વારા આ હુમલાઓ કરવામાં આવ્યા છે.

# અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ : કેસી ત્યાગી

### કેસી ત્યાગીએ કહ્યું કે, અમે અગ્નિવીર યોજનાની વિરુદ્ધ નથી પરંતુ વ્યાપક ચર્ચાની જરૂર છે

પટણા, તા.૬

JDUના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ સરકારની રચનાની ચર્ચા વચ્ચે અગ્નિવીર યોજના અને UCC સાથે ચાર મુદ્દા ઉઠાવીને ભાજપની ચિંતા વધારી દીધી છે. ગુરુવારે (૦૬ જૂન) કેસી ત્યાગીએ કહ્યું કે અગ્નિવીર યોજનાની સમીક્ષા થવી જોઈએ. આ અંગે વિચાર કરવાની જરૂર છે. UCC પર તમામ પક્ષો સાથે વાતચીત થવી જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે બિહારે જાતિ આધારિત મત ગણતરીમાં બહારનો રસ્તો બતાવ્યો છે. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ.

કેસી ત્યાગીએ કહ્યું કે, નીતિશ કુમારે યુસીસી પર કાયદા પંચને પત્ર લખ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે તેની વિરુદ્ધ નથી પરંતુ વ્યાપક ચર્ચાની જરૂર છે. અમે વન નેશન વન ઈલેક્શનને સમર્થન આપ્યું છે. અગ્નિવીર યોજના પર નવી રીતે વિચારવાની જરૂર છે. મોટા વર્ગમાં અસંતોષ હતો. હું એમ પણ માનું છું કે તેમના પરિવારના સભ્યોએ પણ ચૂંટણીનો વિરોધ કર્યો, તેથી, તેના ફરી નવેસરથી વિચારવાની જરૂર છે.

અગાઉ કેસી ત્યાગીએ કહ્યું હતું કે અમે બિહારમાં લાંબા સમયથી એક મોટી દળ તરીકે કામ કરી રહ્યા છીએ. નીતીશ કુમારે જે રીતે સુશાસન દ્વારા સમાજના એક મોટા વર્ગનું સમર્થન મેળવ્યું છે તે ઘણી વખત જનતાની સામે આવ્યું છે. મહિલાઓનું સશક્તિકરણ, તમામ વિભાગોમાં મહિલાઓનું આરક્ષણ, વંચિત સમુદાયના લોકોની વ્યાપક ભાગીદારી, અમે બિહારમાં પણ દ્રઢ્ઢછના સમર્થનમાં વધારો કર્યો છે. ફરી એકવાર અમે દ્રઢ્ઢછના મજબૂત ભાગીદાર તરીકે ઉભરી આવ્યા છીએ.કયાં મંત્રાલયમાં સેવા આપવાની ઈચ્છા છે તે સવાલના જવાબમાં કેસી ત્યાગીએ કહ્યું કે ભૂતકાળના અનુભવના આધારે અટલ બિહારી વાજપેયીના સમયમાં ઉડ્ડયન મંત્રાલય, સંરક્ષણ મંત્રાલય, રેલ્વે મંત્રાલય, દૂરસંચાર મંત્રાલય હતું. અમે લગભગ ૨૦ વર્ષથી માંગ કરી રહ્યા છીએ કે બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો મળવો જોઈએ. મંત્રાલયને લઈને અમારો કોઈ આગ્રહ કે કોઈ શરત નથી. બિહારના વિકાસ માટે નરેન્દ્ર મોદી અને નીતીશ કુમાર જે પણ શ્રેષ્ઠ લાગશે તે અમે સ્વીકારીશું.

# NEET પરીક્ષામાં ગેરરીતિઓ થયાની વિદ્યાર્થીઓએ કરી ફરિયાદ

નવી દિલ્હી, તા.૬

મેડિકલ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે દ્ગઈઈ્ જેવી મુશ્કેલ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. એવા ઘણા ઓછા વિદ્યાર્થીઓ છે જેઓ ટોચની કોલેજોના કટઓફને ક્લિયર કરી શકે છે. મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો આ પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થવાનું સપનું હોય છે, જેના માટે તેઓ દિવસ-રાત મહેનત કરે છે. આ વર્ષે NEET પરિણામ જાહેર થયા પછી ઉમેદવારો નારાજ દેખાય છે.ઉમેદવારો સોશિયલ મીડિયા હેન્ડલ પર NTA પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર #Neet_paper_Cancel_Karo હેશટેગ સાથે સતત પોસ્ટ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં વિદ્યાર્થીઓ માને છે કે આ વર્ષે NEET પરીક્ષામાં ગેરરીતિઓ થઈ છે. એક્સ પર આ હેશટેગ સાથે ટ્વિટનું પૂર આવ્યું છે.દ્ગઈઈ્ પરિણામ જાહેર થયા બાદ જ આ પરીક્ષા અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પરિણામોને શંકાના દાયરામાં રાખીને લોકો તેના પર સવાલો ઉઠાવી રહ્યા છે. ટ્વીટ અનુસાર, લોકો કહી રહ્યા છે કે આટલી અઘરી પરીક્ષામાં ૬૭ વિદ્યાર્થીઓ સંપૂર્ણ માર્ક્સ કેવી રીતે મેળવી શકે, જ્યારે આવું પહેલા ક્યારેય બન્યું નથી. આ ઉપરાંત, હરિયાણાના એક જ કેન્દ્રમાંથી ૮ ઉમેદવારો એવા છે જેમણે ૭૨૦ માંથી ૭૨૦ માર્ક્સ મેળવ્યા છે. મુખ્ય કારણ એ પણ છે કે પરીક્ષા દરમિયાન પટનામાં નકલી ઉમેદવારોની ધરપકડ બાદ પેપર લીક થવાની વાત રજૂ કરાઈ હતી પરંતુ તેમ છતાં પરીક્ષા લેવામાં આવી હતી. નોંધનીય છે કે પરિણામ જાહેર થાય તે પહેલા જ આ વિરોધ ચાલુ છે, કારણ કે બિહાર પોલીસે NEET પેપર લીક કેસમાં કેટલાક લોકોની ધરપકડ કરી હતી, ત્યારબાદ દ્ગઈઈ્ પરીક્ષા પર સવાલો ઉઠવા લાગ્યા હતા. બિહાર પોલીસે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે ૫ મેના રોજ લેવાયેલી દ્ગઈઈ્ પરીક્ષામાં પેપર લીક થવાના મામલે ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૧૩ લોકોની ધરપકડ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અધિકારીઓએ કહ્યું હતું કે બિહાર પોલીસે NEET UG પ્રશ્ન પેપર લીક કેસમાં આ ધરપકડ કરી છે. આ પછી "પેપર લીક" ની તપાસ બિહાર પોલીસના આર્થિક અપરાધ એકમ (EOU)ને સોંપવામાં આવી હતી.

### જાણો કઈ સીટો પર થયું નુકસાન

# મહારાષ્ટ્રમાં મોદીની રેલીઓથી NDAના ઉમેદવારોને ન થયો ફાયદો

## ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપને મોટી સફળતા મળી હતી, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટો પડકાર અપેક્ષિત હતો

મુંબઈ, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ એનડીએ અને ઈન્ડિયા બ્લોકમાં જોરદાર હલચલ જોવા મળી રહી છે. આ વખતે ભાજપ બહુમતીના આંકને સ્પર્શી શક્યું નથી. આ ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળી છે. યુપીમાં સૌથી વધુ સીટોનું નુકસાન ભગવા પાર્ટીને થયું છે. આ સિવાય મહારાષ્ટ્રમાં પણ પાર્ટીને માત્ર ૯ સીટો મળી છે. તમને જણાવી દઈએ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રની ૧૮ બેઠકો પર એનડીએ ઉમેદવારો માટે જાહેર સભાઓ અને રોડ શો કર્યો હતો, જેમાંથી એનડીએના ઉમેદવારો ૧૫ બેઠકો પર હારી ગયા હતા.

મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા વિજય વેદાટ્ટીવારે કહ્યું કે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી જીત્યા કારણ કે મોદીએ તેમના માટે કોઈ જાહેર સભા કરી ન હતી.તમને જણાવી દઈએ કે ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને મહારાષ્ટ્રમાં મોટી સફળતા મળી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં ભાજપ માટે મોટો પડકાર અપેક્ષિત હતો. આથી પીએમ મોદીએ પોતે મહારાષ્ટ્રમાં ૧૯ સભાઓ અને રોડ શો કર્યો, પરંતુ આટલી સભાઓ પછી પણ મહારાષ્ટ્રમાં ભાજપ માત્ર ૯ સીટો જીતી શકી, જ્યારે એનડીએ માત્ર ૧૭ સીટો જીતી શકી. એટલું જ નહીં, મુંબઈના ઘાટકોપરમાં જ્યાં વડાપ્રધાન મોદીએ રોડ શો કર્યો હતો ત્યાંથી ભાજપના ઉમેદવારો પણ હારી ગયા.વડાપ્રધાન મોદીએ મુંબઈના શિવાજી પાર્કમાં ૬ મતવિસ્તારો માટે જાહેર સભા કરી હતી, પરંતુ મુંબઈમાં પણ તેમને અપેક્ષિત સફળતા મળી નથી. અહીં એનડીએને માત્ર બે જ બેઠકો મળી હતી. આમાં એક ભાજપે અને બીજી શિવસેના (શિંદે જૂથ) જીતી હતી. જે ઉમેદવારો માટે પીએમ મોદીનો જાદુ કામ કરી રહ્યો છે તેમાં મુરલીધર મોહોલ અને ઉદયનરાજે ભોસલેનો સમાવેશ થાય છે. પીએમએ પુણેમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી, જ્યાંથી મોહોલ ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા હતા અને ભોસલે સતારાના ભાજપના ઉમેદવાર હતા. મોહોલ અને ભોસલે બંને જંગી માર્જિનથી જીત્યા છે.

### ક્લીન સ્વીપની હેટ્રિક ફટકારીને નવો રેકોર્ડ બનાવ્યો

# ભાજપે ૨૦૨૪માં ૨૦૧૪ અને ૨૦૧૯ પછી દિલ્હીની તમામ સાત બેઠકો જીતી

## ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ચૂંટણી પરિણામોમાં ભાજપ ભલે બહુમતીથી દૂર હોય, પરંતુ તેણે દિલ્હીની તમામ સાત બેઠકો જીતીને ક્લીન સ્વીપની હેટ્રિક હાંસલ કરી છે. અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯માં પણ મતદારોએ દિલ્હીની તમામ સાત બેઠકો ભાજપને આપી હતી. ૧૯૫૨ પછી આ પહેલી ચૂંટણી છે, જેમાં કોઈ પાર્ટીએ સતત ત્રીજી વખત દિલ્હીની તમામ સાત બેઠકો જીતી છે.દિલ્હી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ દાવો કર્યો હતો કે જે દિવસે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન થયું તે દિવસે નક્કી થયું હતું કે અમે દિલ્હીની તમામ સાત સીટો જીતીશું. દિલ્હીની જનતાએ સ્વીકારી લીધું છે કે કેજરીવાલ ભ્રષ્ટ છે. દિલ્હીની જનતાએ વોટના ફટકાથી જેલભરો જવાબ આપ્યો છે. તેઓ સમજી ગયા કે જેઓ પંજાબમાં એકબીજાના ગળા કાપવા તૈયાર છે તેઓ દિલ્હીમાં એકબીજાને ભેટી રહ્યા છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ગઠબંધન કરીને ચૂંટણી લડી હતી, જ્યારે પંજાબમાં બંને પાર્ટીઓએ પોત-પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે દિલ્હીમાં ચોમાસું આવવાનું છે, પરંતુ અમે જાણીએ છીએ કે ગટરોની સફાઈ થઈ નથી અને આગામી સમયમાં ફરીથી તેમના (કેજરીવાલના) મંત્રીઓ નવા બહાના કરશે, પરંતુ આ વખતે અમે તેમને બહાના નહીં કરવા દઈએ આપો અને આ વિજય માત્ર એક વિરામ છે. અમે અમારું કામ ફરી શરૂ કરીશું અને આપ ને વિધાનસભામાંથી હાંકી કાઢીશું. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૫માં દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.બે મહિલાઓ દિલ્હીથી સંસદ પહોંચી છે.

લાંબા સમય બાદ દિલ્હીની બે મહિલા સાંસદ સંસદમાં પહોંચી છે. તમને જણાવી દઈએ કે ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે પશ્ચિમ દિલ્હીથી મહાબલ મિશ્રાને હરાવ્યા છે, જ્યારે બાંસુરી સ્વરાજે આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય સોમનાથ ભારતીને હરાવ્યા છે. તે જ સમયે, દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા રામવીર સિંહ બિધુરી હવે ભાજપના ઉમેદવાર તરીકે દક્ષિણ દિલ્હી બેઠક પરથી ગઠબંધનના આપ ઉમેદવાર સહીરામ પહેલવાનને લગભગ ૧.૨૫ લાખ મતોથી હરાવીને સાંસદ બન્યા છે. એટલે કે આ ખાલી પડેલી બેઠક પર પેટાચૂંટણી યોજાઈ શકે છે.પશ્ચિમ દિલ્હીથી ભાજપના ઉમેદવાર કમલજીત સેહરાવતે જીત મેળવી છે. કમલજીત દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર છે, એટલે કે તેમની સીટ પર પણ પેટાચૂંટણી થઈ શકે છે.

### ‘મોદી હારમાં લપેટાઈ ગયા...’

# પરિણામો બાદ રાહુલ ગાંધી, ભાજપ અને અયોધ્યા પર શું કહી રહ્યું છે વિશ્વ મીડિયા

## લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે જેમાં અપેક્ષાઓથી વિપરીત ભાજપને બહુમતી મળી નથી

નવી દિલ્હી, તા.૬

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે જેમાં અપેક્ષાઓથી વિપરીત ભાજપને બહુમતી મળી નથી. જો કે ભાજપના નેતૃત્વમાં એનડીએ ગઠબંધનને બહુમતી મળી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પાર્ટીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે, જેના પર દુનિયાભરના મીડિયા પ્રતિક્રિયા આપી રહ્યા છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો જાહેર થઈ ગયા છે અને તમામ ૫૪૩ બેઠકોના પરિણામો જાહેર થઈ ગયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પાર્ટી ભારતીય જનતા પાર્ટી આ વખતે માત્ર ૨૪૦ બેઠકો સુધી જ સીમિત રહી હતી અને એનડીએ ગઠબંધન, અપેક્ષાઓથી વિપરીત પ્રદર્શન કરીને, માત્ર ૨૯૨ બેઠકો જીતી હતી. તે જ સમયે, કોંગ્રેસ સહિત વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન, ઈન્ડિયા એલાયન્સે શાનદાર પ્રદર્શન કર્યું છે અને ૨૩૪ બેઠકો જીતી છે. વિદેશી અખબારોમાં ભાજપ અને ઈન્ડિયા બ્લોકના પ્રદર્શનની ખૂબ ચર્ચા થઈ રહી છે અને કહેવામાં આવી રહ્યું છે કે ‘મોદીને હારના પડછાયામાં લપેટાઈને જીત મળી છે’.વિદેશી અખબારોમાં ફૈઝાબાદ બેઠકનો પણ જોરદાર ઉલ્લેખ છે જ્યાં અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ અને ઉદ્ઘાટન બાદ પણ ભાજપના ઉમેદવારને સમાજવાદી પાર્ટીના ઉમેદવાર પાસેથી હારનો સામનો કરવો પડ્યો હતો. તે જ સમયે, પાકિસ્તાનનું મીડિયા મોદી દ્વારા જીતેલી ઓછી બેઠકોની ઉગ્ર ચર્ચા કરી રહ્યું છે અને કહે છે કે ‘ભારતીય લોકોએ મોદી સરકારની નફરતની રાજનીતિને નકારી કાઢી છે.’પાકિસ્તાનનું જિયો ટીવી સતત લોકસભા ચૂંટણીને લઈને રિપોર્ટિંગ કરી રહ્યું છે. એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે ભાજપની ૪૦૦થી વધુ બેઠકો મેળવવાની યોજનાને જનતાએ તોડફોડ કરી હતી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ‘મોદીની નફરતની રાજનીતિને ફગાવી દેવામાં આવી છે, ૪૦૦ને પાર કરવાનો નારા માત્ર એક ઈચ્છા જ રહી ગયો છે અને ભાજપને પોતાના દમ પર બહુમતી પણ નથી મળી. હવે ભાજપને સરકાર ચલાવવા માટે સાથી પક્ષોની મદદ લેવાની ફરજ પડશે.

બાબરી મસ્જિદની જગ્યાએ રામ મંદિર બનાવનાર ભાજપે અયોધ્યામાં પોતાની હાર સ્વીકારી લીધી છે.પાકિસ્તાની ન્યૂઝ ચેનલના અહેવાલમાં હૈદરાબાદથી ભાજપના ઉમેદવાર માધવી લતાની અસદુદ્દીન ઓવૈસી સામેની હારનો પણ મુખ્ય ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ‘ચૂંટણી પ્રચાર દરમિયાન મસ્જિદ તરફ ઈશારો કરીને તીર મારનાર બીજેપી ઉમેદવાર માધવી લતા હારી ગઈ છે. આને મુસ્લિમોને ટાર્ગેટ તરીકે જોવામાં આવ્યું હતું.અન્ય એક રિપોર્ટમાં પાકિસ્તાની ચેનલે કહ્યું કે ‘ભારતીઓએ તેમના વોટથી મોદીને સજા કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ‘કોંગ્રેસે ભાજપને પોતાના હથિયારથી કારમી હાર આપી છે. આ વખતે કોંગ્રેસે ભાજપના ૪૦૦ને પાર કરવાના નારાને મતદારો માટે ડરનું કારણ બનાવ્યું છે.

રાહુલ ગાંધી લોકોને સમજાવવામાં સફળ રહ્યા હતા કે જો ભાજપને ૪૦૦ સીટો મળશે તો તે બંધારણ બદલશે અને અનામતનો અંત લાવશે.અન્ય એક પાકિસ્તાની અખબાર ‘ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન’એ તેના એક અહેવાલમાં તે સમયનો ઉલ્લેખ કર્યો છે જ્યારે પરિણામો જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ કાર્યાલયમાં કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા.

### રજિસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીઓનું મેરીટ ૧૮મી જૂને જાહેર થશે

# સ.પ.યુનિ.માં પીજીમાં પ્રવેશ પ્રક્રિયા ૧૩મી જૂન સુધી લંબાવાઇ

## પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ-જીકેસ પોર્ટલના માધ્યમથી રજીસ્ટ્રેશન કરી શકશે

આણંદ,તા.૬

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં પીજીનાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ૧૩મી જૂન સુધી લંબાવવામાં આવી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ-જીકેસ પોર્ટલના માધ્યમથી રજીસ્ટ્રેશન કરી શકશે.

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં યુજીની૨૩૪૦૫ અને ઓટોનોમસમાં યુજીની ૪૬૦૫ મળીને કુલ ૨૮૦૧૦બેઠક છે, જ્યારે પીજીની ૧૧૫૭૧ અને ઓટોનોમસમાં પીજીની ૧૩૬૦ મળીને કુલ ૧૨૯૩૧ બેઠક છે. આમ યુજી અને પીજીની મળીને સરદાર પટેલ યુનિવર્સિટીમાં કુલ ૩૪૯૭૬ બેઠક અને ઓટોનોમસ કોલેજ કે શૈક્ષણિક સંસ્થામાં ૫૯૬૫ બેઠક મળીને કુલ ૪૦૯૪૧ બેઠક છે. સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા માટે ૩જી જૂન સુધીમાં પીજીના કોર્ષ માટે રજીસ્ટ્રેશન કરાવનાર ૧૦૩૩૩ વિદ્યાર્થી પૈકી ૯૭૬૯ વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન ફી ભરી છે. જ્યારે યુજી કોર્ષમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવનાર ૨૫૭૦૨ વિદ્યાર્થી પૈકી ૨૫૨૩૧ વિદ્યાર્થી દ્વારા રજીસ્ટ્રેશન ફી ભરવામાં આવી છે. આમ સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરાવનાર કુલ ૩૬૦૩૫ વિદ્યાર્થી પૈકી ૩૫૦૦૦ વિદ્યાર્થી દ્વારા રજીસ્ટ્રેશન ફી ભરવામાં આવી છે. પીજી કોર્ષમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની પ્રક્રિયાની અંતિમ તારીખ ૩જી જૂન હતી જે વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈને ૧૩મી જૂન સુધી લંબાવવામાં છે.

યુજીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશન કરનાર વિદ્યાર્થીઓનું મેરીટ ૧૮મી જૂને જાહેર થશે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીને ૫મી જૂને એસએમએસ દ્વારા કોલેજની પસંદગીનો ક્રમાંક યુનિવર્સિટી પોર્ટલ પર આપવા જાણ કરવામાં આવશે. વિદ્યાર્થીએ પોતાને કોલેજ પસંદગીનો ક્રમાંક જીકેસ એપ્લિકેશન નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરીને ૬ઠ્ઠી જૂનથી ૯મી જૂન દરમ્યાન સરદાર પટેલ યુનિવર્સિટીના પોર્ટલ પર લોગ ઈન કરી આપી શકશે. ત્યારબાદ ૧૨મી જૂને વિદ્યાર્થીઓ પોતાની કામચલાઉ પ્રવેશ યાદી જીકેસ પોર્ટલ પર પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઈ અને ચકાસણી કરી શકશે.

વિદ્યાર્થીને પોતાના માર્કસમાં તથા અન્ય કોઈપણ વિસંગતતા જણાય તો એપ્લીકેશન નંબર સહિત માર્કશીટ સાથે યુનિવર્સિટી ગ્રિવન્સ સેલનો સંપર્ક કરી જરૂરી સુધારો ૧૩મી જૂનના રોજ સાંજના ૪ વાગ્યા સુધીમાં કરાવવાનો રહેશે. ૧૮મી જૂનના રોજ બપોરના ૨ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફાઈનલ મેરીટ પ્રમાણ કંઈ કોલેજમાં પ્રવેશ મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા જીકેસ પોર્ટલ પર ફાઈનલ મેરીટ સ્ટુડન્ટ ડેસ્ક પર જોઈ શકશે. તેમજ પ્રવેશ અંગેની માહિતી એસએમએસ દ્વારા અને ઈમેલથી પણ આપવામાં આવશે. વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની કોલેજમાં પ્રવેશ બાદ ઓફર લેટરની પ્રિન્ટ લઈ પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિતની એક સેટ સાથે કોલેજ ખાતે રીપોટીંગ કરવાનું રહેશે. તેમજ યુનિવર્સિટી માન્ય કોલેજની ફી ૨૫મી જૂન સુધીમાં ભરીને પ્રવેશ કન્ફીમ કરાવવાનો રહેશે.

### મોદી ૩.૦ ના શપથ ગ્રહણની તૈયારી

# નરેન્દ્ર મોદીએ ભૂટાન શ્રીલંકા સહિત દેશોને મોકલ્યા આમંત્રણ

## વડાપ્રધાને કહ્યું કે, આ સતત ત્રીજી સરકાર માટે ઐતિહાસિક જનાદેશ છે જે ભારતમાં ૬૦ વર્ષ બાદ મળ્યો છે

નવી દિલ્હી, તા.૬

નરેન્દ્ર મોદી પહેલીવાર ગઠબંધન સરકાર ચલાવશે. બુધવારે દિલ્હીમાં NDAમાં સામેલ પક્ષોના વડાઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં વડાપ્રધાને કહ્યું કે, આ સતત ત્રીજી સરકાર માટે ઐતિહાસિક જનાદેશ છે જે ભારતમાં 60 વર્ષ બાદ મળ્યો છે. આ દરમિયાન ચંદ્રાબાબુ નાયડુ અને નીતીશ કુમારે એ વાત પર ભાર મૂક્યો હતો કે કોઈ પણ સમય બગાડ્યા વિના શક્ય તેટલી વહેલી તકે સરકારની રચના થવી જોઈએ. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે NDAની આગામી બેઠક 7 જૂને મળશે અને નરેન્દ્ર મોદીને NDA સંસદીય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવશે. આ પછી તેઓ રાષ્ટ્રપતિ પાસે જશે અને સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે નરેન્દ્ર મોદી 8 જૂને વડાપ્રધાન તરીકે ત્રીજીવાર શપથ લઈ શકે છે. આ દરમિયાન નરેન્દ્ર મોદીએ ભૂટાનના રાજા, શ્રીલંકાના રાષ્ટ્રપતિ, નેપાળ, બાંગ્લાદેશ અને મોરેશિયસના વડાપ્રધાનને તેમના શપથગ્રહણ માટે આમંત્રણ આપ્યું છે. હકીકતમાં, લોકસભા ચૂંટણીના પરિણામો બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દુનિયાભરમાંથી સતત શુભકામનાઓ મળી રહી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારે (5 જૂન) નરેન્દ્ર મોદીને અભિનંદન આપતા એક પ્રેસ રિલીઝ જારી કરી હતી. તેમણે કહ્યું, “મને વિશ્વાસ છે કે ભારત અને રશિયા વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધો આગળ વધશે. અમે દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વાતચીત અને સહયોગ દ્વારા ભારત સાથે કામ કરવાનું ચાલુ રાખીશું.” રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પીએમ મોદીને X પર જવાબ આપ્યો અને તેમનો આભાર માન્યો. તેમણે વધુમાં કહ્યું કે અમે ભારત અને રશિયા વચ્ચેના વિશેષ વ્યૂહાત્મક સંબંધોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમેરિકી રાષ્ટ્રપતિ બિડેન, રશિયન રાષ્ટ્રપતિ પુતિન અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન તરફથી વડાપ્રધાનને અભિનંદન સંદેશ મોકલવામાં આવ્યા છે. બાંગ્લાદેશના વડા પ્રધાન હસીનાએ પણ બુધવારે સાંજે મોદીને ફોન કરીને તેમની ચૂંટણી જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ વડાપ્રધાન હસીનાને તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું. દેશ-વિદેશમાંથી નરેન્દ્ર મોદી અને ભાજપને શુભકામનાઓ આપતા લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે, કારણ કે NDA ત્રીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે. નરેન્દ્ર મોદીએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન, બ્રિટિશ પીએમ ઋષિ સુનક સહિત અનેક નેતાઓનો આભાર માન્યો છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝો, ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે એ વિદેશી નેતાઓમાં સામેલ હતા જેમણે મોદીને તેમના ત્રીજા કાર્યકાળ માટે અભિનંદન આપ્યા હતા.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**

**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, સારવરકુંડલા**

**:: જાહેરાત ::**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા, તરફથી સી.સી.રોડ વીથ ટ્રીમીક્ષ બનાવવાના કામે નીચે જણાવેલ સિમેન્ટ, મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિ. ના ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા સપ્લાયરો/વેપારીઓએ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ ૫(પાંચ)માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા. ભાવ સ્થળ પર મટીરીયલ પહોંચતાના આપવાના રહેશે. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સતા બજાર સમિતિને અબાધિત રહેશે.

| ક્રમ | વિગત | જથ્થો અંદાજીત |
|---|---|---|
| ૧ | મેટલ45 TO 63mm | 800 Tone |
| ૨ | કપચી (0ll x Oll) | 1400 Tone |
| ૩ | મેટલ ડસ્ટ | 80 Tone |
| ૪ | રેતી | 2400 Tone |
| ૫ | ગ્રીટ8 TO 10mm | 130 Tone |
| ૬ | સિમેન્ટ | 9000 થેલી |

શ્રી દિપકભાઈ માલાણી, ચેરમેન — શ્રી મહેશભાઈ લખાણી, વાઈસ ચેરમેન — શ્રી જે.વી. માલાણી, સેક્રેટરી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**


### અગ્નિકાંડ મુદ્દે ગેમઝોનના સંચાલક યુવરાજસિંહનો મોટો ખુલાસો

# ગેમઝોનનું ડિમોલિશન અટકાવવા ભાજપ કોર્પોરેટરે લીધા હતા દોઢ લાખ રૂપિયા

## રાજકોટ મનપાના અધિકારીઓની સંડોવણી બાદ પદાધિકારીઓની પણ સંડોવણીઓ ખુલી છે

રાજકોટ,તા.૬

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડમાં એકબીજા પર દોષનો ટોપલો મૂકવામાં આવી રહ્યો છે. પણ હીકકત એ છે કે, સૌથી મોટી ભૂલ સિસ્ટમની છે, જેને કારણે ૨૭ લોકો જીવતા ભૂંજાયા. આગકાંડ બાદ હવે નવા નવા આરોપ થયા છે. રાજકોટ મનપાના અધિકારીઓની સંડોવણી બાદ પદાધિકારીઓની પણ સંડોવણીઓ ખુલી છે. ભાજપના જ કોર્પોરેટરે રૂપિયા લઈ ગેમઝોનનું ડિમોલિશન અટકાવ્યું હતું તેવો આરોપ ઉઠતા જ ભાજપના કોર્પોરેટર નીતિન રામાણીએ મોટો ધડાકો કર્યો છે. તેમણે કહ્યું કે, અડધું રાજકોટ ગેરકાયદેસર છે. તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ બધા જાણે જ છે. ભાજપના જ કોર્પોરેટરે અટકાવ્યું હતું ગેમઝોનનું ડિમોલિશન મહત્વનું છે કે, એક વર્ષ પહેલા જ ટીઆરપી ગેમઝોનનું બાંધકામ તોડી પાડવા માટે નોટિસ આપવામાં આવી હતી. જો કે, તો પણ ગેમઝોન દુર્ઘટનાના દિવસ સુધી ચાલી રહ્યો હતો. ત્યારે રાજકોટના TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે સૌથી મોટો ખુલાસો કર્યો છે. ગેમઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકીએ ધડાકો કર્યો કે, ભાજપના જ કોર્પોરેટરે અટકાવ્યું હતું ગેમઝોનનું ડિમોલિશન.

સપ્ટેમ્બર ૨૦૨૩માં આગ લાગી ત્યારે કોર્પોરેટરોનો સંપર્ક કરાયો હતો. ત્યારે ભાજપના કોર્પોરેટરે દોઢ લાખનો તોડ કરી ડિમોલિશન અટકાવ્યું હતું. ઈમ્પેક્ટ ફી ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરવા ભલામણ કરવામાં આવી હતી. અધિકારીઓએ આધિકારિક જાણકારી આપવાનો ઈક્રાર કર્યો હતો. ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવા મેં આર્કિટેકનો સંપર્ક કરાવ્યો હતો ત્યારે સમગ્ર મામલે કોર્પોરેટરનું નામ ખૂલ્યું છે. ત્યારે આગામી સમયમાં કોર્પોરેટરોની પણ પૂછપરછ થઈ શકે છે. આ મામલે ભાજપના કોર્પોરેટર નીતિન રામાણીએ ખુલાસા કર્યા કે, ગેરકાયદેસર બાંધકામ કાયદેસર કરવા મેં આર્કિટેકનો સંપર્ક કરાવ્યો હતો. ગેરકાયદેસર બાંધકામા. TPOસાગઠિયા કાયદેસર કરી આપતા હોવાનું તેમણે કબૂલ્યું. TPO સાગઠિયાની અનેક આર્કિટેકો સાથે સાંઠગાંઠ હતી અને વહીવટ કરી કાયદેસર કરી આપતા. અમારી ભૂલ એટલી જ કે અમે ક્યારેય સરકારનું ધ્યાન દોર્યું નહોતું. રૂપિયા દીધા વગર કોઈ કામ જ થતું નથી

### અમદાવાદમાં વાલીઓ માટે આનંદના સમાચાર

# અમદાવાદમાં કાગળના ભાવમાં ઘટાડો થતાં ચોપડાના ભાવ ઘટ્યા

## આ વર્ષે યુદ્ધની પરિસ્થિતિ થારે પડી હોવાથી ભાવ ઘટ્યા છે જેનો લાભ સીધો વિદ્યાર્થીઓને વાલીઓને થઈ રહ્યો છે

અમદાવાદ,તા.૬

અમદાવાદમાં કાગળના ભાવમાં ઘટાડો (Paper price Cut) થતાં ચોપડાના ભાવ ઘટ્યા છે. અમદાવાદના વાલીઓ માટે આ સૌથી આનંદના સમાચાર છે. તેના લીધે તેમના ખિસ્સા પર બોજ નહીં પડે. કાગળના ભાવમાં આશરે દસ ટકાનો ઘટાડો થયો છે. આમ મોંઘવારીનો માર ઝીલતા વાલીઓને થોડી રાહત મળી છે. અમદાવાદમાં હવે સ્કૂલોનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વાલીઓએ ચોપડા ખરીદવાના હોય છે. આ ઉપરાંત સ્ટેશનરી સાથે સંલગ્ન અન્ય ચીજવસ્તુઓ પણ ખરીદવાની હોય છે. અન્ય સ્ટેશનરીના ભાવમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.ગયા વર્ષે રશિયા અને યુક્રેન યુદ્ધને પગલે સમગ્ર દેશમાં કાગળની સપ્લાય માં ઘટાડો નોંધાયો હતો. જેને લઈને નોટબુકથી માંડી અને તમામ બુકસના ભાવમાં ૨૫% જેટલો ભાવ વધારો ઝીંકાયો હતો. જો કે આ વર્ષે યુદ્ધની પરિસ્થિતિ થારે પડી હોવાથી ભાવ ઘટ્યા છે. જેનો લાભ સીધો વિદ્યાર્થીઓને વાલીઓને થઈ રહ્યો છે બીજી તરફ બજારમાં હાલ ધીમે ધીમે ઘરાકી પણ નીકળી રહી છે. ચોપડાનો સારી ક્વોલિટીનો ભાવ ૫૦થી ૧૦૦ ભાવ જ્યારે મીડિયમના ક્વોલિટીનો ભાવ ૩૦થી ૪૫ ભાવ, નોટબુક ડાયનામિક્સ સાઈઝ ૪૦થી ૬૦ભાવ ૧૭૨ પેજ સૌથી વધારે ચાલતી સાઈઝ છે. જ્યારે પેન્સિલ ૫થી ૧૦, ઈરેઝર ૧ થી ૧૦ અને ઈમ્પોર્ટેડ પાઉચ કંપાસ ૧૦૦થી ૨૫૦ રૂપિયા છે.આ વર્ષે નવા સત્ર પહેલા ચોપડા-નોટબુક સહિતની વસ્તુના ભાવમાં ઘટાડો થયો છે. કોરા ચોપડાની વાત કરીએ તો આ વર્ષે પેપર મીલના ભાવ ઓછા છે. તેથી તેની સપ્લાય સારી મળે છે. તેથી ભાવ ઘટાડો થયો છે. ગયા વર્ષે રશિયા-યુક્રેનના યુદ્ધને લઈને પેપરની સપ્લાય ઓછી હતી. તેથી ભાવ વધુ હતા. હવે પેપર જોઈ તેટલી સંખ્યામાં મળી રહ્યા છે. સારી ક્વોલીટીના ચોપડા ખૂબ જ સસ્તા ભાવે મળી રહ્યાં છે. નોટબુક, ફૂલસ્કેપ, ડાયનામીક સાઈઝના ચોપડાનું વધુ વેંચાણ થાય છે.

### અમિત શાહ સંભાળશે સંગઠનની જવાબદારી!

# મોદી ૩.૦ સરકારમાં શિવરાજ સિંહ ગૃહમંત્રી બની શકે છે

## શિવરાજ સિંહ ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ ભૂમિકા

નવી દિલ્હી, તા.૬

વિદિશામાં બમ્પર જીત બાદ શિવરાજ સિંહ ચૌહાણ દિલ્હી જશે તે નક્કી થઈ ગયું છે. ૯ જૂને તેઓ નવી સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે શપથ લેતા જોવા મળશે. શિવરાજ સિંહ ચૌહાણ માત્ર ૮ લાખથી વધુ મતોથી જીત્યા એટલું જ નહીં પરંતુ મધ્ય પ્રદેશની ૨૯ લોકસભા સીટોની હેટ્રિકમાં પણ મોટી ભૂમિકા ભજવી હતી. દિલ્હી ચૂંટણી પ્રચારમાં પણ તેમનો સ્ટ્રાઈક રેટ સારો હતો. જંગી જીત બાદ શિવરાજને ઈનામ તરીકે કેન્દ્ર સરકારમાં મોટી ભૂમિકા મળી શકે છે.

ચૂંટણી પ્રચાર દરમિયાન ખુદ પીએમ વડાપ્રધાન મોદીએ આની જાહેરાત કરી હતી. તેમની નરેન્દ્ર મોદી સરકારની કોર ટીમમાં હોવાની શક્યતા વધી ગઈ છે. એવી ચર્ચા છે કે અમિત શાહ હવે ભાજપની કમાન સંભાળશે અને શિવરાજ સિંહ ચૌહાણને ગૃહ મંત્રાલય સોંપવામાં આવી શકે છે. રાજનાથ સિંહ પણ ગૃહ મંત્રાલયના બીજા દાવેદાર છે.


મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદથી સતત ૧૮ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા શિવરાજ સિંહ ચૌહાણ કેન્દ્રમાં જવાની અટકળો ચાલી રહી હતી. ડો.મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા બાદ તેઓ દિલ્હી જશે તે નક્કી હતું. રાજ્યમાં સત્તા પરિવર્તન પછી શિવરાજ થોડા હતાશ દેખાતા હતા, પરંતુ તેમણે ટૂંક સમયમાં જ નવી ભૂમિકા માટે પોતાને તૈયાર કરી લીધા. બીજી તરફ રાજસ્થાનમાં સીએમ પદ ન મળવાને કારણે વસુંધરા રાજે ખૂબ જ નારાજ છે. શિવરાજ ન માત્ર લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર બન્યા, પરંતુ સમગ્ર રાજ્યમાં મિશન-૨૯ માટે પોતાની તાકાત લગાવી દીધી હતી. પોતાની આગવી શૈલીમાં તેમણે પાર્ટીના ઉમેદવારો માટે મત માંગ્યા હતા. તેમની મામાની છબી અને યોજનાઓની અસર લોકસભા ચૂંટણીના પરિણામોમાં પણ જોવા મળી હતી. ભાજપે સતત ત્રીજી વખત તમામ ૨૯ બેઠકો કબજે કરી છે. બીજી તરફ રાજસ્થાનમાં જૂથવાદ અને નારાજગીએ ભાજપને ૧૦ ડગલા પાછળ ધકેલી દીધો. આ રીતે શિવરાજ સિંહ ચૌહાણ ખૂબ જ ઓછા સમયમાં પીએમ મોદીના વિશ્વાસુ જનરલ તરીકે ઉભરી આવ્યા. કેન્દ્રમાં બહુમતના અભાવે નરેન્દ્ર મોદી પહેલીવાર ગઠબંધન સરકારનું નેતૃત્વ કરવા જઈ રહ્યા છે. તેમને તેમની મુખ્ય ટીમ અને મુખ્ય મંત્રાલયોમાં વિશ્વસનીય અનુભવી નેતાઓની જરૂર છે.

અગાઉની સરકારમાં તેમણે ગૃહ મંત્રાલય અમિત શાહને આપ્યું હતું. ઉત્તર પ્રદેશમાં કારમી હાર બાદ અમિત શાહને સંગઠનમાં પરત મોકલવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. આ બદલાવ બાદ શિવરાજ સિંહ ચૌહાણ એકમાત્ર એવા નેતા છે જેમને આ પદ મળી શકે છે. અગાઉની સરકારમાં મધ્યપ્રદેશના બે કેબિનેટ મંત્રી હતા. જ્યોતિરાદિત્ય સિંધિયા નાગરિક ઉડ્ડયન મંત્રી બન્યા અને નરેન્દ્ર સિંહ તોમરને કૃષિ મંત્રાલયની જવાબદારી મળી. માનવામાં આવે છે કે મોદી ૩.૦માં આ વિભાગ સહયોગીઓના ખાતામાં જઈ શકે છે. જ્યારે શિવરાજ કડક પ્રશાસકની છબી ધરાવતા નથી, ત્યારે મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળના અંતે તેમણે યોગી મોડલ અપનાવ્યું હતું. ગૃહ મંત્રાલયનો દાવો રાજનાથ સિંહ દ્વારા કરી શકાય છે, જેમણે આ વિભાગ અગાઉ પણ સંભાળ્યો છે. પરંતુ ભારતને અનુભવી સંરક્ષણ પ્રધાનની જરૂર છે, તેથી શિવરાજના ગૃહ મંત્રાલયમાં જવાના સમાચાર સાચા હોઈ શકે છે.

# મહુવાનાં આંગણે આવ્યું અણચિંતવ્યું સુખ મહંત સ્વામી મહારાજ








સમગ્રવિમાંસનાતનહિંદુ ધર્મને ઉજાગર કરનાર વિવ્યાપી બીએપીએસ સંસ્થાના મુખ્ય વડા પરમ પૂજય મહંત સ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણ અને તેમની ગુણાતીત સંત પરંપરા દ્વારા પાવન થયેલ ધન્ય ધરા એવા મહુવાશહેરમાંઆવીગયેલાછે.મહંતસ્વામી મહારાજના સ્વાગત માટે બીએપીએસ સ્વામીનારાયણમંદિર પરિસરમાંઆકર્ષક રંગોળીઓ દ્વારા સ્વાગત બેનરો દ્વારા તથા હજારોહરિભકતફુલઅનેઅક્ષતદ્વારાતેમના સ્વાગતનીતૈયારીમાંઊભા રહેલા જે મહંત સ્વામી પધારતા જ હરખ, આનંદ અને ઉત્સાહસાથેધન્યતાનીલાગણીઅનુભવતા પૂજયમહંતસ્વામીમહારાજનેઆવકારેલા. ત્યારબાદમહંતસ્વામીમહારાજમંદિરદર્શન કર્યાબાદસભામંડપમાંહજારોહરિભકતોને દર્શન લાભ આપવા માટે આવ્યાં અને ત્યાં તેમનુંવિવિધફુલહારોદ્વારાસ્વાગતકરવામાં આવ્યુંઅનેમહંતસ્વામીમહારાજેઆશીર્વાદ આપતાંજણાવ્યુંકેદરેકનીસ્થિતિ ભગતજી મહારાજજેવીબ્રાહ્મીસ્થિતિથાયત્યારબાદ સ્વામીશ્રીવિશ્રામમાટેનિજનિવાસમાંગયા અને દરેક હરિભકતોને બીએપીએસ સ્વામીનારાયણમંદિરનાકોઠારીસ્વામીદ્વારા મંદિરમાં જ પ્રસાદની વ્યવસ્થા હોય પ્રસાદ લઈને જ જવાની સૂચના આપવામાં આવી તથા તારીખ ૮ જૂનના રોજ સવારે મહંત સ્વામીમહારાજનાસવારનાપ્રાતઃપૂજા દર્શન કરવા માટે દરેક હરિભકતો તથા નગરજનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણઆપવામાંઆવેલછે.

### નિરાધારનો આધાર બની ૧૦૮

## વાડી વિસ્તારમાં સગર્ભાની નોર્મલ પ્રસૂતી કરાવતી ૧૦૮ ટીમ

### પ્રસૂતા માટે આશીર્વાદરૂપ ઘટના




અમરેલી, તા. ૬

ગામ ની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાતીય પરિવારના મલકીબેન કમલેશભાઈ મેડા ને વ્હેલી સવારમાં પસુતિની અસહય પીડા ઉપાડતા તેમના પતી દ્વારા ૧૦૮ને મદદ માટે કોલ કરેલ. અમરેલી ૧૦૮ એમ્બ્યુલન્સ મોટા આકડીયા ગામ જવા રવાના થઈ હતી. પેસન્ટ વાડી વિસ્તારમાં હોવાથી ચાલી શકે તેમ ન હોવા થી અને એમ્બ્યુલન્સ ત્યા જય શકે તેમ ના હોવાથી ઈએમટી સાગર મકવાણા તથા પાયલોટ આરીફભાઈએ ત્યા વાડી વિસ્તારમાં જરૂરી સાધનો લય જયને પેસન્ટને ચેક કરી દુખાવો વધારે હોવાથી ત્યા વાડી વિસ્તારમાંજ ડિલિવરી કરારવાની ફરજ પડી હતી ઈએમટી સાગર મકવાણા દ્વારા યોગ્ય સુજબુજ થી વાડી વિસ્તાર પર જ નોર્મલ ડિલિવરી કરાવી. ડિલિવરી સમયે બાળકના ગળામાં નાળ વિટળાયેલ ગયેલ હોવાથી તાત્કાલિક અમદાવાદ ઓફિસમાં માંરહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબી કેર અને માતા ને યોગ્ય સારવાર અને દવાઓ આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળક સારવાર સાથેને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અને માતા બાળકનો અમૂલ્ય જીવ બચાવેલ તેમના સગા સબંધી એ ૧૦૮ ટીમના કર્મચારીનો આભાર માન્યો હતો.

### આઈટીઆઈમાં ડિઝલ મીકેનીક સહિતનો અભ્યાસ કરનાર માટે

## અરે વાહ : અમરેલીનાં એસ.ટી. વિભાગમાં એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરાશે

### ૨૧ જૂન સુધીમાં ફોર્મ લઈ ૨૪ જૂન સુધીમાં રજુ કરો

અમરેલી, તા. ૬

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, અમરેલી વિભાગ એપ્રેન્ટીસની મંજુરી સામે અમરેલી વિભાગ હેઠળના વિભાગીય યંત્રાલય, અમરેલી, સાવરકુંડલા, બગસરા, ધારી, રાજુલા, ઉના, કોડીનાર ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ અન્વયે મે/જુલાઈ–૨૦૨૪ના ભરતી સત્ર માટે એપ્રેન્ટીસની ખાલી જગ્યાઓ ભરવાની થાય છે. મીકેનીક સાઈડે ધોરણ ૧૦ પાસ ફરજીયાત તથા આઈ.ટી.આઈ. ના ડિઝલ મીકેનીક / એમ.એમ.વી./ઈલેકટ્રીશ્યન/ફિટર/ટર્નર ટ્રેડમાં પાસ ઉમેદવારોની એપેન્ટીસ તરીકે ભરતી કરવાની થાય છે. લાયકાત ધરાવતા ઉમેદવારની ઉંમર જાહેરાત પ્રસિધ્ધ તથા તારીખના રોજ ૧૮ વર્ષ હોવી ફરજીયાત છે. ઉમેદવારોએ તા. ૧૦/૬/૨૦૨૪ થી તા. ૨૧/૬/૨૦૨૪ સુધીમાં કચેરીનાં ચાલુ કામકાજના દિવસો દરમ્યાન અરજીપત્રક વિભાગીય કચેરી, લાઠી રોડ અમરેલી ખાતેથી રૂબરૂમાં ફકત રૂા.૫/–ની કિંમતે સમય ૧૧ થી૧૪ કલાક સુધીમાં મેળવી લેવાના રહેશે તથા તા. ૨૪/૬/૨૪નાં રોજ સાંજના ૧૬ કલાક સુધી ભરાયેલ અરજીપત્રકો સ્વિકારવામાં આવશે નહી, જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી અને આ માટે વધુ માહિતી મેળવ વા વિભાગીય નિયામકની કચેરી લાઠી રોડ, અમરેલી ખાતે રૂબરૂ સંપર્ક સાધવો.

વધુમાં સદર ભરતીમાં ઈચ્છુક ઉમેદવારોએ દર્શાવેલ વેબસાઈટ https://www.apprenticeshipindia.gov.in/પર ઓનલાઈન રજીસ્ટ્રેશન (જેમાં સ્કુલલીવીંગ સટીફીકેટ, ૧૦ પાસ કર્યાની તથા આઈ.ટી.આઈ.નાં ટ્રેડમાં પાસ થયાની માર્કશીટ, આધારકાર્ડ, પાસપોર્ટ સાઈઝ ફોટો અપલોડ કરવાનો રહેશે.) ફરજીયાત કરવાનું રહેશે, જે ઉમેદવારો દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં નહી આવેલ હોય તેવા ઉમેદારોના ફોમ રદ/કમી પાત્ર ગણાશે. જેની તમામે ખાસ નોંધ લેવી.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

KG થી ધો. ૫ કન્યા કુમાર – 6 મંથ ફી

| | | | |
|---|---|---|---|
| નર્સરી KG ૧–૨ GM | ૧૫૦૦ | નર્સરી KG ૧–૨ EM | ૨૭૦૦ |
| ધો. ૧ થી ૫ GM | ૨૪૦૦ | ધો. ૧ થી ૫ GSEB | ૩૬૦૦ |
| ધો. ૧ થી ૫ CBSE | પ્રોસેસ | ધો. ૧ થી ૫ ICSE | ૪૨૦૦ |

★ EM સવારે – GM બપોરે – KG ફ્રી નાસ્તો – BA Eng - B.Sc. B.Ed. સ્ટાફ
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ વિવિધ એક્ટીવીટી – વિવિધ સ્પર્ધા – DG - RG - IG – ઈ લર્નિંગ – ડેમોલેબ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાતહાઈકોર્ટ) રહે, ખાંભા, તા.ખાંભા, જી. અમરેલી, તે આથી મારાં અસીલ શ્રી ગોપાલભાઈ રતનશીભાઈ શીર રહે. કૃષ્ણનગર, શેરી, નં.૮, સ્વામીનારણ ચોક, પોસ્ટલ કોલોની, રાજકોટ–૩૬૦૦૦૪ વાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામઃ ઈંગોરાળાનાં સર્વે નં.૧૯૦ની હે.આરે.ચો.૩–૮૧–૭૨ વાળી જમીન કે જેના ખાતા નં.૮૪૨ થી શ્રી હરીભાઈ પોપટભાઈ ડાવરાનાં નામે નોંધાયેલ છે, આ જમીન તેઓ વેચાણથી આપવાં માંગતા હોય, મારાં અસીલશ્રી આ જમીન/મિલકત ખરીદ કરવા માંગે છે, તો આ મિલકત બાબતે કે અગાઉ થયેલ હોય તેવા આ મિલકતનાં તમામ પ્રકારનાં વ્યવહારો બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય કે આ મિલકત ઉપર કોઈપણનો હકક, હિત કે હિસ્સો હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનું કરજ, બોજો કે લીયન હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનો કબ્જો–ભોગવટો હોય કે, આ મિલ્કત ઉપર કોઈ દર, દાવો કે તકરારી કેઈસ ચાલતો હોય કે, આ મિલ્કત સંબંધે કોઈનું કોઈપણ અન્ય રીતે હિત સંકળાયેલ હોય, અથવા તો આ મિલ્કનાં વેચાણ સંદર્ભે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન–૭માં રજી. પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારનાં આધાર–પુરાવા સાથે લેખીતમાં અમારાં નીચેનાં સરનામે જાણ કરવી, જો સદરહું સમય દરમ્યાન કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવામાં નહિ આવે તો આ મિલ્કત સંબંધે ટાઈટલ કલીયર છે અને વેચાણ સંદર્ભે કોઈપણ વ્યકિતને વાંધો કે તકરાર નથી તેમ માની મારાં અસીલશ્રી આ મિલકત શુધ્ધબુધ્ધનાં ખરીદનાર તરીકે ખરીદ કરશે, અને ત્યારબાદ કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા વાંધો કે તકરાર લેવામાં આવશે તો તે મારા અસીલશ્રીને કબુલ, મંજુર કે બંધનકર્તા રહેશે નહીં, જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળઃ ખાંભા
તારીખઃ ૩૦/૦૫/૨૦૨૪

::ઓફિસ::
''ઉપેન્દ્ર કે. બોરીસાગર''–એડવોકેટ
તક્ષશીલા વિદ્યા સંકુલ–ખાંભા,
મુ.તા.ખાંભા, જી.અમરેલી. ૩૬૫૬૫૦

ઉપેન્દ્ર કે. બોરીસાગર
એડવોકેટ–ખાંભા
મો.૯૪૨૬૪ ૫૭૪૯૨

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૫ | ૧૧૮૬ |
| ૨ | શિંગ મોટી | ૯૧૦ | ૧૨૩૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૬૬ | ૧૭૭૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૬૬ | ૧૬૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૧૮ | ૩૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૨૫ | ૩૦૮૯ |
| ૮ | બાજરો | ૩૩૨ | ૪૪૨ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૮૩૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૭ | ૫૭૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૬૧ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | અડદ | ૧૭૪૦ | ૧૯૦૫ |
| ૧૪ | ચણા | ૯૧૦ | ૧૩૧૩ |
| ૧૫ | ચોળી | ૧૯૦૦ | ૨૭૬૦ |
| ૧૬ | તુવેર | ૧૭૩૦ | ૨૨૧૫ |
| ૧૭ | કપાસ | ૯૪૪ | ૧૪૮૩ |
| ૧૮ | એરંડા | ૯૬૨ | ૧૦૭૫ |
| ૧૯ | જીરૂ | ૨૦૦૦ | ૫૩૬૦ |
| ૨૦ | ધાણા | ૯૦૦ | ૧૪૧૦ |
| ૨૧ | મેથી | ૭૨૦ | ૧૧૩૬ |
| ૨૨ | સોયાબીન | ૬૨૦ | ૮૭૩ |
| ૨૩ | મરચા લાંબા | ૬૫૦ | ૭૭૫ |
| ૨૪ | વરીયાળી | ૧૦૯૦ | ૧૪૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જણી | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ૩ | શીંગ નવી | ૧૨૦૦ | ૧૩૧૦ |
| ૪ | શીંગ દાણા | ૧૫૧૫ | ૧૭૫૦ |
| ૫ | તલ સફેદ | ૨૪૨૦ | ૨૬૩૦ |
| ૬ | તલ કાળા | ૨૭૦૦ | ૩૨૦૦ |
| ૭ | જીરૂ | ૫૦૦૦ | ૫૫૫૦ |
| ૮ | કપાસ | ૧૨૫૦ | ૧૪૭૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૭ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૫૧ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૫૬ |
| ૧૨ | જુવાર | ૪૨૫ | ૮૮૦ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૧૪ | મગ | ૧૪૫૧ | ૧૫૮૭ |
| ૧૫ | અડદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | ચણા | ૧૨૦૦ | ૧૩૧૦ |
| ૧૭ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૧૧ |
| ૧૮ | તુવેર | ૧૯૦૦ | ૨૨૦૫ |
| ૧૯ | એરડી | ૯૫૦ | ૧૦૫૬ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ૨૧ | રાય/રાયડો | ૯૭૪ | |
| ૨૨ | ધાણા | ૧૧૦૦ | ૧૩૪૨ |
| ૨૩ | સોયાબીન | ૧૮૦૦ | ૮૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૬ | ૧૪૭૪ |
| ૨ | મગફળી | ૧૦૮૮ | ૧૧૧૨ |
| ૩ | તલ સફેદ | ૨૪૬૦ | ૨૫૯૦ |
| ૪ | મગ | ૧૩૯૦ | ૧૪૮૦ |
| ૫ | જીરૂ | ૪૧૭૦ | ૫૬૪૦ |
| ૬ | ઘઉ | ૪૭૩ | ૫૫૭ |
| ૭ | ચણા | ૧૧૭૪ | ૧૩૦૬ |
| ૮ | એરંડા | ૯૮૨ | ૧૦૩૮ |
| ૯ | બાજરો | ૪૨૦ | ૪૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૪૫ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૨૬૫ |
| ૩ | ધાણા | ૯૦૦ | ૧૨૦૩ |
| ૪ | ઘઉં લોકવન | ૫૦૩ | ૫૦૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૯ | ૫૦૩ |
| ૬ | મેથી | ૮૪૦ | ૧૦૦૦ |
| ૭ | મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| ૮ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૧૨ |
| ૯ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |
| ૧૧ | મગ | ૧૧૦૫ | ૧૫૪૦ |
| ૧૨ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૧૩ | મગફળી | ૮૦૦ | ૧૧૦૧ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | ચોળી | ૧૪૫૫ | ૧૫૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૫૦ | ૧૧૪૧ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૨૫ |
| ૩ | કપાસ | ૧૩૦૦ | ૧૪૪૧ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૪૮૦ |
| ૫ | ઘઉ ટુકડો | ૪૬૧ | ૫૩૬ |
| ૬ | જુવાર | ૪૬૦ | ૯૦૦ |
| ૭ | મગ | ૧૫૨૦ | ૧૫૩૦ |
| ૮ | ચણા | ૧૫૨૦ | ૧૨૬૨ |
| ૯ | જીરૂ | ૪૪૦૦ | ૫૬૧૦ |
| ૧૦ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૩૦૭ | ૧૩૦૭ |
| ૧૨ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૩ | રાજગરો | ૧૦૨૫ | ૧૦૨૫ |

## એક તરફ વૃક્ષનું વાવેતર ઓછુ અને બીજી તરફ ગેરકાયદેસર રીતે વૃક્ષ કટિંગ

# લીલીયા-ભોરીંગડા માર્ગ પરથી લાકડા ભરેલ ટ્રક ઝડપાયો

**લીમડા અને દેશી બાવળનાં લાકડા ભરીને નીકળેલ ટ્રકને વન વિભાગે ઝડપી લીધો**

**ટ્રકનાં ચાલકની અટકાયત કરી તેમનાં પાસેથી રૂપિયા ૨૦૫૦૦નો દંડ વસુલાયો**

**નદી, પર્વત, દરિયા બાદ હવે જંગલ કટિંગના દુષણે પણ હદ વટાવી**

**વનકર્મચારીઓએ વૃક્ષછેદન કરનાર સામે અભિયાન શરૂ કરવાની જરૂર છે**



ધારી, તા.૬

ધારીગીર પુર્વના ડી.સી.એફ. રાજદિપસિંહ ઝાલાનાં માર્ગદર્શન તળે આર.એફ.ઓ.જયોતિબેન વાંઝ, ફોરેસ્ટર સી.એમ.ખેવરીયા, ફોરેસ્ટ ગાર્ડ રવિરાજ ખુમાણએ ખારા-શાખપુર રેવન્યુ વિસ્તારમાંથી બિનકાયદેસર લીમડા દેશી બાવળનાં લાકડા ભરી લીલીયા ભોરીંગડા માર્ગ પરથી પસાર થતો આઈસર ટ્રક નં.GJ-11-V.V.-1685 વાહતુક ચાલક રીઝવાન પઠાણની અટક કરી ૧૯૨૭ કલમ ૪૧ મુજબ વાહનક પાસવગર ગેરકાયદેસર લાકડા કબજે લઈ ૨૦,૫૦૦ દંડ લઈ કાર્યવાહી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે. સ્થાનિક ફોરેસ્ટર બિટ ગાર્ડ રવિરાજ ખુમાણ પાછલા ૩ વર્ષથી બિન કાયદેસર લાકડાની હેરાફેરી કરતા અને છેદન કરનારા સામે કડક કાર્યવાહી કરી રહયા છે.

### આરોગ્ય કર્મચારીઓ દ્વારા

# સુખપુર સબ સેન્ટરમાં ટીબીના દર્દીઓને કીટનું વિતરણ

**કર્મચારી અશોકભાઈનુ ઉમદા કાર્ય**



બાબરા, તા. ૬

બાબરા પીએચસી ખંભાળા ના સુખપુર સબ સેન્ટરમાં ફરજ બજાવતા આરોગ્ય વિભાગ કર્મચારી અશોકભાઈ હનુભા વાળાએ પીએચસી ખંભાળા સબ સેન્ટરના ગામોમા ટીબી દર્દીને પોષણ કીટનુ વિતરણ અને ૧૫ થી વધુ ટીબી દર્દીને પોષણ કીટ પોતના સર્વ ખર્ચ આપી અને દર મહિને કિટ આપશે. દર્દી નારયણને ટીબીની સારવાર ચાલે ત્યાં સુધી ઉપયોગી થાય તેવી કિટ નિઃશુલ્ક મળે તેવા ઉમદા હેતુથી શકિત ગ્રૂપ અને ફરજ પરના કર્મચારીના સંયુકત ઉપક્રમે દર્દીને પોષણ કિટ આપી ટીબી રોગ સામે પ્રતિકાર શકિત આપે તેવી કિટ આપી તેમજ આ રોગ સામે રક્ષણ કેમ મેળવી શકાય તેવી માહિતી આપવામાં આવી હતી. ખંભાળા પી.એચ.સીના આરોગ્ય સ્ટાફના સાથ સહકારથી આ કાર્ય સફળતાપૂર્વક કરવામાં આવ્યુ હતુ.

# બગસરા-જેતપુર માર્ગ પર બોલેરો પીકપ વાહન પલ્ટી

**ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા**



બગસરા, તા. ૬

અમરેલીથી માણેકવાડા જતી બોલેરો પીકપવાહન બગસરાના જેતપુર રોડ પર આવેલા હુડકો કોલની પાસે ડ્રાઈવર પોતાની કારના સ્ટરિંગ પર નો કાબુ ગુમાવતા પલટી મારી હોબાળો ખાબકી હતી. જયારે આ વાહનમાં ૪ વ્યકિતઓ બેઠેલો હતા પરંતુ સદનસીબને કોય જાનહાની થયેલ નથી જયારે આ બોલેરો વાહનવાળા પોતાનુ પેટિયુ રળવા પ્લાસ્ટિકના તગારા વેચવા આવેલા હતા પરંતુ અમરેલીથી માણેકવડા જતા બગસરા જેતપુર રોડ આ ઘટના બનેલી હતી. બાદમાં સ્થાનીક લોકો અને કેનની મદદથી આ બોલેરોને હોકળામાંથી બહાર કાઢ વામાં આવેલ હતી.

### આપણી સંસ્કૃતિ, આપણી ઓળખ, આપણી સંસ્કૃતિને જીંવત રાખવાનો ઉતમ પ્રયાસ

# આટકોટના નવાગામ ખાતે આગામી રવિવારે બ્રહ્મર્ષિ લોકાર્પણ સમારોહ યોજાશે

**ભૂદેવ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ ચેતન પંચોલી તથા ટ્રસ્ટી તથા જાણીતા એડવોકેટ ઉદયન ત્રિવેદીએ આ સમારોહમાં ભાગ લેવા જનતાને ઉમટી પડવા આહવાન કરાયુ**

અમરેલી, તા. ૬

આટકોટના પ્રતાપપુર નવાગામ ખાતે બ્રહ્મર્ષિ સંસ્થાનુ સમાજને લોકાર્પણ ભુદેવ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અત્રે આયોજન કરવામાં આવી રહ્યુ છે. બ્રહ્મર્ષિ સંસ્થાન એ ભારતીય સંસ્કૃતિની આગવી શિક્ષણની પરંપરા એટલે કે ગુરુકૃળ પરંપરાય આપણી ઋષી પરંપરા જે સ્થાપિન કરેલ જેમને જીંવત રાખવા ભગીરથ કાર્ય ભુદેવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યુ છે. જેમનો જીંવત મંત્ર રહો આપણી સંસ્કૃતિ આપણી ઓળખ આપણુ સંસ્કૃત જે જીંવત રાખવા ઋષિ પરંપરા મુજબ યજ્ઞ શાળચા ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ સહિત અથર્વવેદ સહિત એવમ વેદના પાઠ વેદની ત્રષા થકી વૈદિક શિક્ષણના પાઠો ભણાવાશે બ્રહ્મ શિક્ષણ સંસ્કૃત શિક્ષણ તથા આપણા સદગ્રંથના શિક્ષણના નિચોડ સાથે વેદના અભ્યાસુ શાસ્ત્રીઓ દ્વારા શીખવવામાં આવશે.

આટકોટના નવાગામ ખાતે બ્રહ્મર્ષિ સંસ્થાન લોકાર્પણ સમારોહ તારીખ ૯-૬ ને રવિવાના રોજ લોકાર્પણ ઉત્સવ ઉજવાશે જે ભગીરથ કાર્યમાં સહભાગી થવા સમારંભ અધ્યક્ષ મુકતાનંદબાપુ ચાંપરડા અગ્નિ અખાડા સભાપતિ તેમજ ભારત સાધુ સમાજના અધ્યક્ષ તથા કેબિનેટ મંત્રી પરસોતમભાઈ રૂપાલા, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, કુંવરજીભાઈ બાવળીયા, કુબેરભાઈ ડીડોર, અતિથિ વિશેષ ારામભાઈ મોકરિયા, મોહનભાઈ કુંડારિયા સંસ્થાના આધાર સ્થંભ એવા માં પંચ પૂર્વ રાજુભાઈ રાવલ, રાજકોટ વિશેષ રમેશદાદા ઠાકર, અમરેલીના મુખ્ય મહેમાનો અમિતભાઈ ઠાકર, સેજલબેન પંડયા, કૌશિકભાઈ વેકરિયા, અનિરૂધ્ધભાઈ દવે, વિભારવીબેન દવે, ભરતભાઈ બોઘરા, નીતિનભાઈ ભારદ્વાજ, ધવલભાઈ દવે ઉપસ્થિ રહેશે. તેમજ સંતો શુભ આશિષ ગોંડલ ભુવનેશ્વરી પીઠ ઘનશ્યાસજી મહારાજ, સીતારામબાપુ આધેવાડા, આત્માનંદ સરસ્વતીજી બોટાદ, જયંતીરામબાપા ઘુનડા, ચૈતન્ય શંભુ મહારાજ અમદાવાદ, ભકિત સ્વામી ખીરસરા બ્રહ્મ સમામજા અગ્રણીઓ વિજયભાઈ બુજડ દ્વારકા, અનિલભાઈ મહેતા, પંકજભાઈ ચાંવ જસદણ, છેલભાઈ જોષી સંસ્થાના આધાર એવા ટી.ડી. પટેલ મોરબી, રમેશભાઈ ત્રિવેદી, મુંમ્બાદેવી મુંબઈ, બાકિંમભાઈ મહેતા, રાજગોર બ્રાહ્મણ ટ્રસ્ટ સૌરાષ્ટ્ર કચ્છ, ધર્મેન્દ્રભાઈ કષ્ટભંજન દેવના



પૂજારી, અજયભાઈ શુકલ, પ્રભાતભાઈ કોઠીવાળ, અંશ ભાદ્વાજ, કિરીટસિંહ જયમાતાજી ગ્રુપ પોરબંદર, શૈલેષભાઈ પંડયા, પી.આઈ અમદાવાદ તથા ઉભડા પબ્લિસીટી અમરેલી સહિત આગેવાનો ઉપસ્થિત રહેશે. આ તકે પ્રકાશભાઈ મોઢા ગોકુલ હોસ્પિલ, જગદીશભાઈ આચાર્ય એડવોકેટ, ઉદયનભાઈ ત્રિવેદી એડવોકેટ, કિશોરભાઈ ઓઝા સામાજિક અગ્રણી, હેમાંગ વસાવડા મધુરમ હોસ્પિટલ, કૌશિકભાઈ આચાર્ય એડવોકેટ, આશીષભાઈ ભટ શાસ્ત્રી તથા ચેતનભાઈ પંચોલી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**

**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, સારવરકુંડલા**

**::જાહેરાત::**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા, તરફથી સી.સી.રોડ તથા ચોગાનમાં પી.સી.સી. અને સી.સી. વીથ ટ્રીમીક્ષ બનાવવાના કામે ફકત લેબર (મજુરી) કામના ભાગો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા આસામીઓએ પોતાના લેબર કામના ચો.ફુટના ભાવો બંધ કવરમાં દિવસ ૫ (પાંચ)માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા. વધુ વિગત માટે અત્રેની કચેરીના સમય દરમ્યાન રૂબરૂ સંપર્ક કરી શકાશે. આવેલ ભાવો મંજુર કે નામંજુર બાબતે નિર્ણય કરવાની તમામ સતા બજાર સમિતિને અબાધીત રહેશે.

| શ્રી દિપકભાઈ માલાણી | શ્રી મહેશભાઈ લખાણી | શ્રી જે.વી. માલાણી |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | સેક્રેટરી |

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**


# અમરેલીમાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત સ્વચ્છતા અભિયાન યોજાયુ




અમરેલી શહેરમાં સરકારના નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત ૦૧/૦૬/૨૦૨૪ થી ૧૫/૦૬/૨૦૨૪ સુધી શહેર માં આવેલ એન્ટ્રી ગેટ, હેરીટેઝ બિલ્ડીંગ, સ્ટેચ્યુ પાર્ક ગાર્ડન, બ્રીજ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ટેક્સી સ્ટેન્ડ, જાહેર રસ્તા ધાર્મિક સ્થળો, ટુરિસ્ટ પ્લેસ, શાકભાજી માર્કેટ, મોલ, સરકારી રહેણાંકો, પબ્લિક ટોઈલેટ, સ્લમ વિસ્તાર, વિગેરે સ્થળો પર સાફ-સફાઈ અભિયાન તેમજ કેમ્પેનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ખાસ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરની સંસ્થાઓ તેમજ શહેરીજનો સ્વયંભુ જોડાઈને સરકારના સ્વચ્છતા અભિયાન ને સાકાર કરવા અમરેલી નગરપાલિકા ને સહયોગ આપવા જાહેર અપીલ કરવામાં આવેલ હતી. સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ડ્રાઈવ પણ યોજવામાં આવશે. જાહેર જનતાએ પોતાનો કચરો જાહેરમાં ફેકવાના બદલે પોતાના ઘરે કે દુકાને કચરા પેટી રાખી કચરો ડોર ટુ ડોર કચરા વાહનમા જ કચરો નાખી સ્વચ્છતા અભિયાન ને સાર્થક બનવવા સહયોગ આપવા અનુરોધ કરવામાં આવેલ છે.

## બોર્ડ, ગુજકેટ અને નીટનાં પરિણામોમાં સંસ્થાનાં વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્ય કક્ષાએ સિધ્ધિઓ મેળવી

# છેલ્લા ત્રણ વર્ષથી ઓકસફર્ડ સ્કૂલ બોર્ડ પરિણામમાં જિલ્લામાં અગ્રેસર

**આ વર્ષે ધો. ૧૦માં કુલ ૨૦૧ વિદ્યાર્થીઓમાંથી ૩૮ વિદ્યાર્થીએ A-1 ગ્રેડ અને ૬૦ વિદ્યાર્થીએ A-2 ગ્રેડ મેળવ્યો**

**ધો. ૧૨ સાયન્સમાં કુલ ૧૭૫ વિદ્યાર્થીમાંથી ૩૭–સાયન્સ A-1 ગ્રેડ તથા ગુજકેટમાં ૧૦૦થી વધુ ગુણ મેળવનાર ૪૦ વિદ્યાર્થીઓ**


**ધો. ૧૨ કોમર્સમાં કુલ ૧૧૦ વિદ્યાર્થીઓમાંથી ૫ A-1 ગ્રેડ અને ૨૨ A-2 ગ્રેડ**

અમરેલી, તા. ૬

અમરેલીના ઈતિહાસમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' એ ન્યાયે વિદ્યાર્થી અને વાલીઓનાં સપનાઓ અનુરૂપ શિસ્ત, સંસ્કાર અને શિક્ષણ આપવાનાં વિચાર સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાં વિજ્ઞાન શાખામાં ઉત્તમોત્તમ શિક્ષણનાં માધ્યમથી વિદ્યાર્થીઓની તેજસ્વિતા તથા પ્રતિભામાં નિખાર લાવી અમરેલી જિલ્લાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા શિક્ષણપ્રેમી નાગરિકોને અમારી શૈક્ષણિક સિદ્દિધના ભાગીદાર બનાવવાનાં સંકલ્પ સાથે સંસ્થા કામ કરી રહી છે.









ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં અભ્યાસ શાં માટે ??.... કારણ કે, ફૂલ ડે સ્કૂલ હોવાથી વિદ્યાર્થી આખો દિવસ શૈક્ષણિક વાતાવરણમાં રહે છે તેમજ સંસ્થા દ્વારા બપોરે આરોગ્યપ્રદ ભોજન આપવામાં આવે છે. અત્યારના સમયમાં મોબાઈલ એ વિદ્યાર્થી માટે અભિશાપ છે જેથી અમારી શાળામાં વિદ્યાર્થીઓને મોબાઈલ લાવવાની સખત મનાઈ છે. આ સંસ્થામાં શિક્ષકો એ જ સંચાલકો હોવાથી આખો દિવસ વિદ્યાર્થી સાથે રહે છે જેથી શિક્ષણ સાથે વાલી તરીકેની હૂંફ પણ મળી રહે છે. ફૂલ ડે સ્કૂલમાં ગુણવત્તાયુકત શિક્ષણ આપવામાં આવે છે જેથી અન્યત્ર ટયુશનની જરૂર રહેતી નથી. સંસ્થા દ્વારા એક, બે કે પાંચ વિદ્યાર્થીઓને ધ્યાને ન લેતા પરંતુ શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ સાથે એકસરખા દ્રષ્ટિકોણથી શિક્ષણ, સંસ્કાર અને શિસ્ત પાલનનું કામ કરવામાં આવે છે.

ધો. ૯ અને ધો. ૧૦ નાં વિદ્યાર્થીઓને ભવિષ્યમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ પેદા થાય તે માટે વિજ્ઞાન વિષયને ફિઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી એમ ત્રણ ભાગમાં વહેંચીને વિષય નિષ્ણાંત શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત વિજ્ઞાન વિષયના પ્રયોગો કરાવવામાં આવે છે જેથી વિષય વસ્તુ સમજવામાં સહેલું પડે.

ધો. ૬ થી ૮ માં અગાઉના ધોરણના ગણિત વિષયનું પુનરાવર્તન કરાવવામાં આવે છે જેમાં એડવાન્સ મેથેમેટીકસ જેવો વિષય સમાંતર રીતે ચલાવવામાં આવે છે જેને કારણે આગળના ધોરણમાં ગણિત વિષય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થી રસ લેતો થાય.

વિદ્યાર્થીઓના માત્ર માર્કસ જ નહીં પરંતુ જ્ઞાનમાં પણ વધારો થાય તે રીતે તજજ્ઞો દ્વારા ધો. ૧૨ કોમર્સ પછીનો શ્રેષ્ઠ વિકલ્પ એટલે CA-CPT નું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવે છે. ઉપરાંત કોમર્સ વિભાગમાં એકાઉન્ટ અને સ્ટેટ જેવા મુખ્ય વિષયનું એકસ્ટ્રા કોચિંગ આપવામાં આવે છે.

ઓક્સફર્ડ સ્કૂલ ખાસ તો વિજ્ઞાન પ્રવાહ માટે જાણીતી છે જેમાં સંસ્થા દ્વારા ધો. ૧૨ પછીની પ્રવેશ પરીક્ષા જેઈઈ અને નીટની ૧૦૦% સંપૂર્ણ તૈયારી ધો. ૧૧ અને ધો. ૧૨ બંને વર્ષ દરમિયાન કરાવવામાં આવે છે. વિજ્ઞાનપ્રવાહ બી–ગૃપનાં વિદ્યાર્થીઓને ગણિત વિષય સમયાંતરે શીખવવામાં આવે છે જેથી ફિઝીકસ જેવા વિષયમાં તકલીફ ન પડે. ઉપરાંત ૧૦૦% પ્રાયોગિક કાર્ય કરાવવામાં આવે છે. સાથે સાથે દર પંદર દિવસે જેઈઈ અને નીટની પરીક્ષા લેવામાં આવે છે.

સમગ્ર અમરેલી જિલ્લામાં સૌથી વધુ અનુભવી, સંપૂર્ણ કવોલિફાઈડ અને ફુલ ટાઈમ શિક્ષકોની ટીમ હોવાથી વિદ્યાર્થીઓ ડીફિકલ્ટી સોલ્યુશન અને ડાઉટ સેશનનો લાભ લઈ શકે છે. સાથે સાથે સંસ્થા દ્વારા દર મહિને કેરિયર કાઉન્સેલિંગ અને મોટિવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવે છે.

ધો. ૧૨ સાયન્સનાં શ્રેષ્ઠ પરિણામને કારણે આ સંસ્થાના કુલ ૩૪ વિદ્યાર્થીઓ મેડિકલમાં અને ૧૩૫ વિદ્યાર્થીઓ પેરામેડિકલમાં અભ્યાસ કરી રહ્યા છે. ઉપરાંત આ સંસ્થાના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગુજરાત રાજયની ટોપ એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે.

આ વર્ષે ધો. ૧૨ સાયન્સમાં બોર્ડ પરિણામમાં સંસ્થાની વિદ્યાર્થિની માંગરોળિયા જાનકી ૯૯.૯૪ પીઆર સાથે અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે તેમજ ગુજકેટ પરીક્ષામાં ૧૨૦ ગુણમાંથી ૧૨૦ ગુણ મેળવી સંસ્થાનો વિદ્યાર્થી દેવગણિયા જેનિષ સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ ક્રમે આવેલ છે. ઉપરાંત ધો. ૧૨ સાયન્સનાં મુખ્ય ત્રણ વિષયનાં ૩૦૦ ગુણમાંથી ૨૯૪ ગુણ મેળવી સંસ્થાનો વિદ્યાર્થી વાડોદરિયા હર્ષિલ સાયન્સ મેરીટમાં અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમે આવેલ છે. તાજેતરમાં જાહેર થયેલ નીટનાં પરિણામમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ નીટની પરીક્ષા આપેલ હતી જેમાં સંસ્થાનાં ૫ વિદ્યાર્થીઓએ ૬૦૦ થી વધુ ગુણ મેળવેલ છે અને ૧૫ વિદ્યાર્થીઓએ ૫૦૦થી વધુ તેમજ ૩૦ વિદ્યાર્થીઓએ ૪૦૦થી વધુ ગુણ મેળવેલ છે જે સમગ્ર અમરેલી જિલ્લામાં સંખ્યાની દ્રષ્ટિએ રેકર્ડબ્રેક પરિણામ છે. તેમ શાળાના સંચાલકો મયૂરભાઈ ગજેરા, નિલેષભાઈ ગજેરા અને પ્રહલાદભાઈ વામજાની યાદી જણાવે છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)